# બુદ્ધિપ્રભા.

## ( The Light of Reason. )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिगृहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय-भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૧ લું. તા. ૧૫ મી એપ્રીલ સન ૧૯૦૯. અંક ૧ લો.

## ઉપકાર મહિમા.

### ઝૂલણાછંદ.

કાર્ય ઉપકારનાં કીજીએ માનવી, લક્ષ્મીથી લીજીએ સત્ય લ્હાવો;
જ્ઞાનિને સ્હાયથી સત્ય ઉપદેશથી, સત્ય આનંદને ભવ્ય પાવો. કાર્ય. ૧
ધર્મઉપદેશથી સત્ય ઉપકાર છે, જીવને દુઃખમાંથી બચાવો,
જીવનની સફળતા સત્ય ઉપકારમાં, કાર્ય પરમાર્થનાં દીલ ધ્યાવો. કાર્ય. ૨
ભવ્ય ઉપકારીના દીલમાં છે દયા, દીલ ઉપકારીનું સ્વચ્છ રહેવે;
ધન્ય છે જગતમાં જન્મ ઉપકારીનો, સ્વર્ગને સિદ્ધિ પણ તેહ લેવે. કાર્ય. ૩
બાહ્યમાં ક્યાં રમો મોહવનમાં ભમો, કાર્ય ઉપકારનાં દીલ ધારો;
જગતમાં માન પામો અહો પ્રાણિઆ, સત્યઉપકારથી જીવ તારો. કાર્ય. ૪
પૂજ્ય તીર્થેશ્વરા દેશના દેઇને, પ્રાણિના સ્તોકને શિઘ્ર તારે;
પરમ ઉપકારમાં કર્મનો નાશ છે, જન્મની સફળતા સત્ય સારે. કાર્ય. ૫
રાચશો સ્વપર ઉપકારમાં માનવી, પરમ ઉપકારથી કાર્યસિદ્ધિ;
**બુદ્ધિસાગર** સદા સત્ય ઉપકારથી, પામિએ સત્યચૈતન્ય ૠદ્ધિ. કાર્ય. ૬

# માસિકનો ઉદ્દેશ.

આ જગતમાં કોઇ પણ કાર્ય નિષ્પ્રયોજન થતું નથી. સર્વ કાર્યનો કાંઈકને કાંઇક ઉદ્દેશ જરૂર હોય છે. સંસ્કૃત કવિ લખે છે કે મન્દ પુરૂષ પણ પ્રયોજન વગર પ્રવૃત્તિ કરતો નથી, તોપછી માસિક જેવા પ્રવૃત્તિમય કાર્યનો કાંઇ પણ ઉદ્દેશ હોવો જોઇએ, અને તે ઉદ્દેશ જાણવાની અભિલાષા દરેક વાચકના હૃદયમાં ઉદ્ભવવા પામે એ સ્વાભાવિક છે. તો તેવી જીજ્ઞાસા તૃપ્ત કરવાના હેતુથી આ માસિક પ્રકટ કરવાનો શો ઉદ્દેશ છે, તે તેની રૂપ રેખા રૂપે ( outlines ) અત્ર નિવેદન કરવામાં આવે છે.

આ માસિક અધ્યાત્મજ્ઞાનપ્રસારકમંડળ જે સંવત ૧૯૬૫ ના કાર્તિક સુદ ૫ ( જ્ઞાન પંચમી)ના શુભદિને મુંબાઇમાં સ્થપાયું હતું, તે મંડળ તરફથી પ્રગટ થનાર છે. એટલે તેમાં કેવા પ્રકારના વિષયો દાખલ કરવામાં આવશે, તે બાબત સહેજ પણ વિચાર કરનારને સમજાયા વગર રહેશે નહિ.

આ જમાનો બુદ્ધિનો છે; અંગ્રેજી વિદ્યાએ સ્વતંત્ર વિચાર કરવાને પ્રેરેલી બુદ્ધિના પ્રભાવથી, અંગ્રેજી ભણેલા યુવકો કોઇ પણ બાબતને એકદમ સ્વીકારી લે તેવો વખત રહ્યો નથી. તેઓને દરેક બાબતનો બુદ્ધિગમ્ય ખુલાસો જોઇએ છે. શાસ્ત્રમાં કહ્યું છે, માટે તેને પ્રમાણભૂત ગણી માની લેવું, અને સમજાય નહિ તોપણ તે બાબતપર શ્રદ્ધા રાખવી, એ વિચાર હાલના કેળવાયલાના મનમાં પ્રવેશ પામી શકે તેમ નથી. શ્રદ્ધાનો પાયો બુદ્ધિ ઉપર રચાયેલો હોવો જોઇએ. હવે તેવા અંગ્રેજી ભણેલા અને ધર્મના તત્ત્વો નહિ સમજાયાથી શંકાશીલ થયેલા યુવકોના મનને સંતોષ મળે તેવા પ્રકારના ખુલાસાવાળા લખાણોની હાલના સમયમાં અતિ જરૂર છે. તેવા લેખો લખવા તરફ હજુ સુધી અમારા સમજવા પ્રમાણે કોઇ પણ માસિકે વિશેષતઃ પ્રવૃત્તિ કરી નથી; માટે તેવા લેખોને આ માસિકમાં અમે પ્રથમ સ્થાન આપીશું. આતો એક નિર્વિવાદિત સત્ય છે કે વસ્તુનું સ્વરૂપ જયારે યથાર્થ સમજાય છે, ત્યારે તેના પર જે સ્વાભાવિક શ્રદ્ધા થાય છે, તે ધર્મમાં લખ્યું છે માટે સાચું માની લ્યો, તેમ કહેવાથી થતી નથી. વળી ધાર્મિક ક્રિયાઓ જે કરવામાં આવે છે તેમાં અતિ ગૂઢ રહસ્ય રહેલું હોય છે, પણ તે બરાબર સમજાવવામાં નહિ આવતી હોવાથી લોકોની તે તરફ સ્વાભાવિક રીતે અરૂચિ

થાય છે. મૂર્તિપૂજા, પ્રતિક્રમણ, દેવવંદન, પૌષધ, વ્રત, દાન, તપ વગેરે કરવામાં શો આશય રહેલો છે. તે બરાબર રીતે હેતુપૂર્વક સમજાવવાની જેટલી જરૂર વિચારીએ, તેટલી ઓછી છે.

ત્રીજી બાબત ચરિત્રલેખન સંબંધી છે. નોવેલો અને મનોરંજક નવલ કથાઓમાં ગમે તેવા નીતિના નમુના આપવામાં આવ્યા હોય, તોપણ વાચક વર્ગના મનમાં ચોકસ ખાત્રી રહે છે કે આ સર્વ કલ્પનામય છે, અને તેથી જોઇએ તેટલી અસર થતી નથી, પણ ઐતિહાસિક જીવનચરિત્રો–જે મનુષ્યો એ પોતાના ચરણકમળથી એક વખત આ વસુધાને પાવન કરી છે, તેમનાં જીવનવૃતાંતો વાંચવાથી વાચકના હ્રદયપર ઓર જ પ્રકારની અસર થાય છે. તે દૃષ્ટાંત કેવલ મગજમાંજ નહિ રહેતાં વાંચનારના હ્રદયપર સ્થાયી અસર કરે છે, અને તેવાજ પ્રકારનાં કાર્ય કરવાને પ્રેરે છે. આ વિચારને લક્ષમાં રાખી, વખતોવખત મહાન્ પુરૂષોના જીવનચરિત્રો આપવાનો પણ અમે ખાસ ઇરાદો રાખીએ છીએ. ઉપર જણાવ્યા સિવાયના બીજા પણ ઘણા ઉદ્દેશ અમારા લક્ષમાં છે. પણ તે સર્વને અત્ર કહી બતાવી આત્મપ્રશંસા કરવી એ અમને યોગ્ય લાગતું નથી. કહેવા કરતાં કરી બતાવવું એ વધારે ઉત્તમ છે, એ સૂત્ર પ્રમાણે ઉદ્દેશના સંબંધમાં વધુ નહિ લખતાં માસિકના સંબંધમાં ખ્યાલ બાંધવાનું કામ અમે વાચકવર્ગને સોંપીએ છીએ.

વળી આ સાથે જણાવવાનો આ પ્રસંગ હાથ ધરીએ છીએ કે આ માસિકમાં કોઇ પણ અંગત ટીકા કરવામાં આવશે નહિ; તેમજ જેથી જૈન કોમમાં કુસંપ વધે તેવા લેખોને સ્થાન આપવામાં આવશે નહિ. દરેક વિષય માધ્યસ્થ દૃષ્ટિથી ચર્ચવામાં આવશે, અને કોઇપણ મતમતાંતરમાં નહિ પડતાં વસ્તુનું સ્વરૂપ જેવું જૈનદૃષ્ટિએ ભાસશે તેવું નિરૂપણ કરવામાં આવશે. જૈન ધર્મની ખુબી શેમાં રહેલી છે, તે તરફ વિશેષ લક્ષ આપવામાં આવશે.

વળી જેથી સંસારની પ્રાપંચિક અને સ્વાર્થી મર્યાદા દૂર થઇ પરોપકારાર્થી પણાનો અને ઉચ્ચ જીવનનો આલ્હાદ પ્રગટ થાય તેવા મન અને હ્રદયને ઉન્નત બનાવી આત્મજ્ઞાન સન્મુખ લેઇ જાય તેવા લેખો આ માસિકમાં પ્રગટ થવા પામે તેવી યોજનાઓ રચીશું.

લેખો અને માસિકના ઉદ્દેશો સંબંધી ઉપર પ્રમાણે જણાવ્યા પછી હવે આ માસિક પ્રગટ કરવાનો બીજો આશય શો છે, તે પણ જણાવવાની આ સ્થળે અમે જરૂર વિચારીએ છીએ. અમદાવાદમાં એક બોર્ડીંગની ખાસ અગત્યતા હતી, તે કામ **શેઠ લલુભાઇ રાયચંદે** મુનિ મહારાજશ્રી **બુદ્ધિસા-**

ગરજીના સદુપદેશથી અને પોતાની ઉદારવૃત્તિથી ઉપાડી લીધું છે. કેટલાક સંભાવિત ગૃહસ્થોએ તેને મદદ કરી છે. છતાં તે હજુ સારી રીતે ચાલી શકે તે સારૂ વધારે ફંડની ને આવકની જરૂર છે. તે બોર્ડિંગને વાર્ષિક સારી આવક થાય તે માટે આ માસિકની યોજના કરવામાં આવેલી છે. આ માસિકને અંગે થયેલા ખર્ચ સિવાયનો બાકી જે કાંઇ લાભ રહે તે આ બોર્ડિંગને આપવાનો અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે ઠરાવ કરેલો છે. આ માસિકના ગ્રાહકને આ રીતે બે લાભ થશે. પ્રથમતો ઉપર જણાવેલા લેખોવાળું ડેમી ચાર ફોર્મનું (૩૨ પાનાનું માસિક દર મહિને નિયમિતરીતે મળશે, તે સિવાય આવા પરોપકારી કાર્યમાં પોતાનો સ્હેજ પણ ભાગ આપવા બદલનું પુણ્ય પ્રાપ્ત કરવાને ભાગશાળી થશે.

આ ઉદ્દેશની સમાપ્તિ કરતાં એકજ બાબત લખવાની રહી જાય છે, અને તે આ માસિકના નામ સંબંધમાં છે. આ માસિકને શું નામ આપવું તે સંબંધી વિચાર કરતાં જૈન ધર્મનો **બુદ્ધિગમ્ય** ખુલાસો આપનારા લેખો આ માસિકમાં દાખલ કરવાના હોવાથી બુદ્ધિને લગતું નામ રાખવું. બુદ્ધિશબ્દની સાથે અનેક નામ જોડતાં છેવટે "બુદ્ધિપ્રભા" એ નામ આ લેખકને એકાએક સ્ફુર્યું અને તે સર્વને પ્રિય લાગવાથી નિશ્ચિત થયું. તેનો અંગ્રેજી પર્યાય Light of Reason (લાઈટ ઓફ રીઝન) થાય છે; અને તે નામનું એક માસિક લંડન ખાતેથી જેમ્સ એલન નામના વિદ્વાન્ તંત્રીના હાથે પ્રગટ થાય છે. આ બુદ્ધિપ્રભા નામ રાખવામાં બીજો પણ એક આશય છે, જે વખત આવે પ્રકાશિત કરવામાં આવશે.

# જૈનોનું તત્ત્વજ્ઞાન અને નૈતિક સિદ્ધાંતો.*

**લેખક. પ્રોફેસર હર્મન જેકોબી.**

જે લોકો જૈન તત્ત્વજ્ઞાન નિહાળવા માંડે છે, તેઓમાં એવો વિચાર દાખલ થવા પામેલો હોય છે કે, તે એક સ્થાયી વિચાર વગરના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતના ખીચડા સમાન છે, અને જે પદ્ધતિરહિત વિચારશ્રેણી છે, તે જગતમાં શી રીતે પસાર પામી હશે, તે વિચારથી તેઓને આશ્ચર્ય ઉપજે છે, મેં જાતે પણ આવો અભિપ્રાય એક વખત બાંધ્યો હતો અને

* અનુવાદક. દોસી. મણિલાલ નથુભાઇ. બી. એ.

શબ્દોદ્વારાએ દર્શાવ્યો પણ હતો. પણ હાલ જૈન તત્ત્વજ્ઞાનને જુદા દૃષ્ટિ બિન્દુથી જોતાં હું શિખ્યો છું. તમારા વિચાર પ્રમાણે તેનો પોતાનો પાયો માનસિક શાસ્ત્રપર રચાયેલો છે, અને તેથી કરીને તે બુદ્ધ અને બ્રાહ્મણ ધર્મના માનસિક શાસ્ત્ર કરતાં તો તદ્દન અલગ જણાઇ આવે છે. આ વિષય ઉપર થોડા વખત સુધી તમારૂં ધ્યાન ખેંચવા માગું છું. જૈન ધર્મનું છેવટનું સ્વરૂપ જે તેના ચોવીસમા તીર્થંકર મહાવીરે આપ્યું, તે પૂર્વ હિન્દુસ્થાનના તે ભાગમાં નિશ્ચિત થયું કે, જ્યાં તે અગાઉ ઉપનિષદ્દના મત પ્રમાણે યાજ્ઞવલ્કયે આત્મા અને બ્રહ્મ નિત્ય અને સ્થાયી છે, એવો બોધ આપ્યો હતો; અને જ્યાં મહાવીરના સમકાલીન ગૌતમબુદ્ધ સઘળી વસ્તુઓની અનિત્યતા દર્શાવનાર સિદ્ધાંતનો ઉપદેશ કરતા હતા. માટે આ પરસ્પર એક બીજાનો અનાદર કરનાર સિદ્ધાંતના સંબંધમાં જૈન ધર્મને પણ અમુક અપેક્ષા ગ્રહણ કરવાની જરૂર પડી, અને આ બાબત લંબાણથી જણાવવી એ અતિ જરૂરનું છે. ઉપનિષદ્દકારોએ જે એક મહાન્ સત્ય શોધી કહાડયું છે અને જેની પ્રશંસા કરતાં તેઓ કદાપિ નિરૂત્સાહી થતા નથી તે સત્ય એ છે કે શારીરીક તેમજ આધ્યાત્મિક સઘળી વસ્તુઓમાં ઓતપ્રોતરૂપે રહેલું અને ધારણ કરી રાખનાર એક સર્વત્ર સ્થાયી તત્ત્વ છે, જે નિર્વીકારી અને અદ્વિતીય છે. આ પરમ તત્ત્વ અને જગતની જડ વસ્તુ વચ્ચેના સંબંધ વિષે ઉપનિષદ્કારોએ ખુલ્લી રીતે જણાવ્યું નથી, પણ નિષ્પક્ષપાતપણે વાંચનારા સઘળા કબુલ કરશે કે આ માયાવી જગતને પણ તેઓ સત્ય તરીકે માને છે. આ બાબત ઉપર વેદાંતની જુદી જુદી શાખાઓએ જુદા જુદા મત પ્રતિપાદન કરેલા છે. પણ આપણે તે સંબંધી અત્રે બોલવાનો અવકાશ નથી.

બ્રાહ્મણોના આ સ્થાયી અને નિત્યતત્વની વિરૂદ્ધ બુદ્ધે એમ ઉપદેશ આપ્યો કે સઘળી વસ્તુઓ ક્ષણિક છે. તેના મરણ વખતના શબ્દો ખરેખર એ હતા કે સઘળી ઉત્પન્ન થએલી વસ્તુઓ નાશવંત છે. બુદ્ધધર્મ પ્રમાણે સઘળી વસ્તુઓની અંદર કાંઇક સ્થાયી તત્વ રહેલું છે, એમ માનવું તેજ મુખ્ય નાસ્તિકતાનું લક્ષણ હતું. સઘળી વસ્તુઓ માયાવી છે, અથવા બુદ્ધે જણાવ્યા પ્રમાણે જુદા જુદા ધર્મો છે; પણ કોઇ પણ ધર્મી નથી. એવો કોઇ પણ સ્થાયી પદાર્થ નથી કે જેના આ સર્વ ગુણ તરીકે લેખી શકાય.—

આ પ્રમાણે બ્રાહ્મણોએ અને બુદ્ધોએ મૂળતત્વના સંબંધમાં વિરૂદ્ધ વિચારો દર્શાવ્યા છે, પણ તેનું કારણ એ છે કે તેઓએ તે તત્ત્વને બે તદ્દન વિરૂદ્ધ વિચાર દૃષ્ટિથી તપાસ્યું હતું. બ્રાહ્મણો તદ્દન કેવળબુદ્ધિને અ-

નુસર્યાં અને તે બુદ્ધિ પ્રમાણે તે તત્ત્વને નિત્ય સ્થાયી અને અદ્વિતીય માનવાને દોરાયા. બુદ્ધિધર્માનુયાયીઓ સામાન્ય અનુભવ પ્રમાણે વિચાર કરવા દોરાયા; અને તે પ્રમાણે દરેક તત્ત્વ ઉત્પત્તિ અને વિનાશને આધીન થતું તેમને લાગ્યું બ્રાહ્મણોનો સ્વતઃ સિદ્ધ સિદ્ધાંત અને બુદ્ધિધર્માનુયાયીઓનો અનુમાનજન્ય સિદ્ધાંત જ્યારે આપણે અંતઃકરણમાં ઉત્પન્ન થતા અનેક પ્રશ્નોના સમાધાન અર્થે કામે લગાડીએ છીએ, ત્યારે તે બંને અડચણથી ભરેલા લાગે છે. તે અડચણો એવા પ્રકારની છે કે અંગીકાર કરેલા સત્યમાં સંપૂર્ણ શ્રદ્ધા સિવાય દૂર થઇ શકે નહિં.

જૈનોએ આ સંબંધમાં નીચે જણાવેલી સ્થિતિ ગ્રહણ કરી છે. તેઓ જણાવે છે કે દરેક તત્ત્વ ઉત્પત્તિ, ધ્રૌવ્ય અને વિનાશયુક્ત છે. આ વાદને તેઓ અનેકાંતવાદ કહે છે. તેઓના વિચારનો સાર આ પ્રમાણે છે. દ્રવ્ય તરીકે દરેક વસ્તુ નિત્ય છે, પણ તેઓના પર્યાયો ઉપજે છે અને વિનાશ પામે છે. દાખલા તરીકે તે દ્રવ્ય ગમે તેવું રૂપ ધારણ કરે તોપણ દ્રવ્ય તરીકે દરેક વસ્તુ હયાતી ભોગવ્યાજ કરે છે; આ રીતે દ્રવ્ય તરીકે માટી નિત્ય છે. પણ માટીના બનાવેલા ઘડાનો આકાર અથવા રંગ ઉત્પત્તિ પામે તેમજ વિનાશ પણ પામે.

આ ઉપરથી જણાશે કે તત્ત્વનું સ્વરૂપ જૈનદૃષ્ટિએ તે વ્યવહારિક સ્વરૂપનું પ્રતિપાદન છે અને તેને બહુ અગત્યતા આપવામાં આવી હતી, એમ માનવું તે કઠણ લાગશે, તોપણ આ સ્વરૂપને જૈનતત્ત્વજ્ઞાનનો માનસિક પાયો ગણવામાં આવે છે. સ્યાદ્વાદ અને નયના સંબંધમાં જ્યારે આપણે આ બાબતનો વિચાર કરીએ છીએ ત્યારે તેની અગત્યતા વિશેષ સમજાય છે.

જૈન પ્રવચનને બદલે સ્યાદ્વાદ શબ્દ વાપરવામાં ઘણી વાર આવે છે. દાખલા તરીકે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે સ્યાદ્વાદમંજરી નામનો ગ્રન્થ રચ્યો છે, અને તર્કવાદના ફાંસામાંથી સત્યને બચાવનાર તરીકે સ્યાદ્વાદના તેઓ મગરૂર હોય છે. સ્યાદ્વાદમાં રહેલું અંતર્તત્વ નીચે પ્રમાણે છે. તત્ત્વનું સ્વરૂપ સ્વાભાવિક રીતે અનેકાંત હોવાથી, અને ઉત્પત્તિ ધ્રૌવ્ય અને વિનાશ જેવા વિરૂદ્ધ ધર્મોનું બનેલું હોવાથી, અનેકાંતની અપેક્ષાએ આપણે તે તત્ત્વના સંબંધમાં અમુક ગુણનું પ્રતિપાદન કરી શકીએ. કહેવાનો ભાવાર્થ એ છે કે અપેક્ષાએ કોઈ પણ માનસિક શાસ્ત્રનો સિદ્ધાંત સત્ય છે, અને બીજી અપેક્ષાએ તેથી વિરૂદ્ધ ગુણવાળો સિદ્ધાંત પણ સત્ય કહી શકાય. આ પ્રમાણે આ સિદ્ધાંતના સાતભાગ પાડવામાં આવેલા છે અને તે દરેકમાં સ્યાત્ શબ્દ વાપરવામાં આવેલો છે. દૃષ્ટાન્ત તરીકે **स्यादस्ति सर्वम् स्यान्नास्ति सर्वम्**

**સ્યાત્**નો અર્થ 'હોય' એવો થાય છે અને "કથંચિત્" એ શબ્દથી સમજાય છે. "કથંચિત્" નો અર્થ "કેટલેક અંશે" એવો થાય છે. આ સ્થળે 'સ્યાત્' અસ્તિના વિશેષણરૂપે મુકવામાં આવેલું છે અને તે તત્ત્વનુ (અસ્તિત્વનું) અનિશ્ચિતપણું અથવા અનેકાતપણું દર્શાવે છે. દાખલા તરીકે આપણે કહીએ છીએ **સ્યાદ્ઘટઃ અસ્તિ** ઘટ અમુક અપેક્ષાએ હયાતી ધરાવે છે ઘટની અપેક્ષાએ ઘટ છે, પણ પટની અપેક્ષાએ ઘટ નથી.

આવા દેખાતા નયવાદનું કારણ એ જણાય છે કે વેદાંતે પ્રતિપાદન કરેલી તત્ત્વની અદ્વિતીયતા અને સર્વવ્યાપકતાના સામે તત્ત્વનો બચાવ કરવો. આ પ્રમાણે અસ્તિ (છે) અને નાસ્તિ (નથી) એવા બે વિશેષણો લગાડવામાં આવે છે. ત્રીજું વિશેષણ અવક્તવ્ય છે. એક જ પદાર્થમાં એક જ વખતે અસ્તિભાવ અને નાસ્તિભાવ રહેલા હોવાથી, અને આવા પરસ્પર વિરૂદ્ધ ધર્મોનું પ્રતિપાદન ભાષાના કોઈ પણ શબ્દથી થઇ શકે તેમ ન હોવાથી, અવક્તવ્ય નામનો ત્રીજો ભાંગો પાડવામાં આવ્યો છે. આ ત્રણ ભાંગાને જુદી જુદી રીતે ગોઠવવાથી સાત ભાંગા થાય છે જે સ્યાદ્વાદની સપ્તભંગી નામે ઓળખાય છે. આ સિદ્ધાન્તનું લંબાણથી વિવેચન કરી હું તમારી ધીરજની કસોટી કાઢવા માગતો નથી. આ સિદ્ધાન્ત અનેકાન્તવાદપરથી ફલિત થયેલો છે, તેમ સઘળા માનસિક શાસ્ત્રના પ્રશ્નોના ખુલાસાની કુંચીરૂપે આ સ્યાદ્વાદનો સિદ્ધાન્ત છે એમ જૈનો માને છે, એટલું તમને બતાવી શકયો હોઉં તો બસ થયું.

નયોનો સિદ્ધાન્ત જેના વિષે હું પ્રથમ કહી ગયો તે સ્યાદ્વાદના સિદ્ધાન્તની સાથે અતિશય સંકલાયલો છે. નય તે સત્યને દર્શાવવાના વિવિધ માર્ગ છે. જૈનોના મત પ્રમાણે સઘળી વિચારશ્રેણીઓ એકાન્તિક છે અને તેથી તેમાં સત્યનો અંશ રહેલો છે (પણ સંપૂર્ણ સત્ય નથી.) નય સાત છે. ચાર વિચારને લગતા છે અને ત્રણ શબ્દોને લગતા છે. આ વિવિધતાનો હેતુ એ છે કે વેદાન્તિઓ માને છે તેમ તત્વ સાદું નથી પણ અનેક અપેક્ષાવાળું છે. તેટલા માટે કોઇ પણ વસ્તુનું વર્ણન અથવા લક્ષણ અસંપૂર્ણ અને એકદેશીય હોવુંજ જોઇએ. અને જો આપણે વિચાર દર્શાવવાની એક પદ્ધતિનેજ અનુસરીએ તો જરૂર આપણે આડેમાર્ગે દોરવાઇ જઇશું.

આમાં બહુજ ઉંડી કલ્પનામય હોય એવું કંઇ ભાસતું નથી તેથી ઉલટું ઉપનિષદની કલ્પનાઓની સામે વ્યવહારિક દૃષ્ટિની સ્થાપનાનો વાદ જૈનોનો હોય એમ લાગે છે. જો કે તેનો મૂળ ઉદ્દેશ બૌદ્ધોના ક્ષણવાદની સામે થવાનો ન હતો પણ તેમનો વાદ તે ક્ષણવાદની વિરૂદ્ધ ચલાવવામાં આવેલો છે. તોપણ આપણે એમતો કહી શકીશું નહી કે જૈ-

નોનો મત ખુલ્લી રીતે અથવા જાણી જોઇને બુદ્ધિના વાદની વિરૂદ્ધ જાય છે, તેમજ તેના વિરૂદ્ધ થવા માટે ચલાવવામાં આવ્યો હતો એમ પણ કહી શકાય નહિ. આ બાબત ઐતિહાસીક દૃષ્ટીએ પણ ખરી ઠરે છે, કારણ કે અસલના ઉપનિષદ્‌ના કાળ પછી ઘણા વર્ષે મહાવીરનું શાસન ચાલ્યું પણ તે બુદ્ધના સમકાલીન હતા. તેટલા માટે બ્રાહ્મણોની કલ્પનાશક્તિના સિદ્ધાન્તો દૂર રહે તેવી કોઈ વિચારપદ્ધતિ રચવાની તેને જરૂર પડી હતી. પણ નવા સ્થપાયેલા બુદ્ધધર્મના સંબંધમાં તેની સ્થિતિ જુદાજ પ્રકારની હતી.

જૈન તત્વજ્ઞાનને અને સાંખ્ય તત્વજ્ઞાનને શો સંબંધ છે તે હજુ સુધી મેં દર્શાવ્યો નથી. આમાં વિચારની સામ્યતા વિશેષ માલુમ પડે એવી સ્વાભાવિક રીતે આશા રાખી શકાય. કારણ કે બન્નેનું તત્વજ્ઞાન એકજ પ્રકારના ધાર્મિક પુરૂષો—શ્રમણ અથવા યોગીઓમાંથી જન્મ પામેલું છે. યોગના ક્રિયામાર્ગ સંબંધી, યોગનાં સાધન અને સાધ્ય સંબંધી, એમ સાબીત કરવામાં આવેલું છે કે બ્રાહ્મણોનો, જૈનોનો, અને બૌદ્ધોનો યોગ એક બીજાને બહુજ મળતો આવે છે. અને તે સર્વનું ઉત્પત્તિસ્થાન એક હતું તે બાબત શંકા જેવું છેજ નહી. પણ યોગના ક્રિયામાર્ગના સંબંધમાં જે તાત્વિક વિચારો છે, અને જે યોગ માર્ગને સાબીત કરે છે તેની સાથેજ મારે સંબંધ છે.

સાંખ્યોનો તત્વવાદ ઉપનિષદ્‌ના અને સામાન્ય વ્યવ્હારિક વાદની વચ્ચેનો મધ્ય માર્ગ છે. સાંખ્ય લોકો આત્મા અથવા પુરૂષના સંબંધમાં વેદાંતનો વાદ અંગીકાર કરે છે અને માને છે કે પુરૂષો નિત્ય અને અવિકારી છે અને જ્યારે તેઓ જણાવે છે કે પ્રકૃતી અથવા જડ પદાર્થમાં ક્ષણે ક્ષણે ફેરફાર થયાં કરે છે ત્યારે તેઓ વ્યવહારિક વાદ સ્વીકારે છે. સાંખ્ય લોકો પ્રતિપાદન કરે છે કે પુરૂષ આત્મા સિવાયની સર્વ વસ્તુઓ એક પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી છે અને જૈનો પણ તેવીજ રીતે માને છે કે જીવ—આત્મા સિવાયની સર્વ વસ્તુઓ પુદ્‌ગલનાં જુદાં જુદાં રૂપાંતરો છે. પુદ્‌ગલ એકજ છે અને તેનામાં અનેક રીતે વૃદ્ધિ પામવાનો સ્વભાવ છે. આ ઉપરથી જણાશે કે જડવસ્તુના સંબંધમાં સાંખ્યોનો અને જૈનોનો મત એક સરખોજ છે. તેમના મત પ્રમાણે જડ વસ્તુમાં ગમે તેવું રૂપ ધારણ કરવાની શક્તિ છે. અહીંઆ કહેવું જોઇએ કે આ વિચાર તદ્દન પ્રાચીન વખતનો છે. પ્રાચીન લોકો આ મતને કબુલ કરતા હતા એટલુંજ નહી પણ કુદરતી રીતે અથવા જાદુથી થતી વિક્રયાના સર્વમાન્ય સિદ્ધાન્તમાં પણ તે રહેલો છે. હું તમને એ જણાવવા ઈચ્છા રાખું છું કે જૈનો અને સાંખ્ય લોકોએ જડ વસ્તુના એક સરખા વિચારથી પ્રારંભ કર્યો, પણ જુદી જુદી રીતે તેનું વિવરણ કર્યું. સાંખ્ય લોકો એમ શીખવે છે કે

અમુક સ્થાયી નિયમ પ્રમાણે પ્રકૃતિમાંથી જુદા જુદા પદાર્થોનું પ્રગટી કરણ થાય છે. સૌથી વધારે સૂક્ષ્મ એવા બુદ્ધિ તત્વથી તે છેક સ્થૂળ પદાર્થ સુધી દરેકનું પ્રગટીકરણ અમુક અનુક્રમ પ્રમાણે થાય છે અને દુનિયાની ઉત્પત્તિ તેમજ વિનાશ વખતે આ અનુક્રમને બરાબર રીતે અનુસરવામાં આવે છે.

તેથી ઉલટા જૈનો પુદ્ગલની વૃદ્ધિનો આવો સ્થાયી અનુક્રમ માનતા નથી અને જણાવે છે કે આ જગત નિત્ય છે, અને તેનું બંધારણ પણ સ્થાયી છે; તેમના મત પ્રમાણે જડવસ્તુ પરમાણુંમય છે, અને તે પરમાણુઓમાં તેમજ તેના બનેલા સ્કન્ધોમાં સઘળા જડ વસ્તુના ફેરફાર થયા કરે છે.

આ પરમાણુવાદનું વિચિત્ર લક્ષણ એ છે કે તે પરમાણુંઓ સ્થૂલ અથવા સૂક્ષ્મરૂપે હોય છે, અને એક સ્થૂલ પરમાણુંની જગ્યા અસંખ્ય સૂક્ષ્મ પરમાણુઓ લેઇ શકે છે.

આ સિદ્ધાંતનો માનસિક શાસ્ત્ર સાથે શો સંબંધ છે તે બતાવવાને હું હવે પ્રયત્ન કરીશ. મારે આ સ્થળે જણાવવું જોઇએ કે સાંખ્ય લોકો જેમ બુદ્ધિ, અહંકાર મન અને ઇંદ્રિયોને લગતું અનેક તત્ત્વવાળું માનસિક સાધન કલ્પે છે તેમ આ જૈન લોકો માનતા નથી. જૈનોનો મત આ સંબંધમાં બહુ પ્રાથમિક છે અને તેનો સાર આ પ્રમાણે છે. માણસના પુણ્ય અથવા પાપ પ્રમાણે અમુક સૂક્ષ્મ આકારના પરમાણુઓ જેને અમે કર્મની વર્ગણા કહીએ છીએ, તે જીવ અથવા આત્માને અસર કરે છે, આત્મામાં ભરાય છે અને ઢલવાય છે; અને આત્માની સ્વાભાવિક શક્તિઓને અંતરાય કરે છે, જૈનો આ સંબંધમાં બહુજ ખુલ્લી રીતે બોલનારા છે. તેઓ જણાવે છે કે કર્મ પુદ્ગલનું બનેલું છે. કર્મ પૌદ્ગલિક છે, આ રૂપકરૂપે નથી પણ શબ્દશઃ ખરૂં છે. તે નીચે આપેલા દૃષ્ટાંતોથી પુરવાર થશે આત્મા અથવા જીવ બહુજ હલકો છે; અને ઉર્ધ્વગમન તેનો સ્વભાવ છે; પણ જે કર્મથી તે ભરાયલો છે, તે કર્મને લીધે તે નીચે પડ્યો રહે છે. પણ જ્યારે કર્મના પરમાણુઓથી તે તદ્દન મુક્ત થાય છે, અર્થાત્ નિર્વાણ પ્રાપ્ત કરે છે ત્યારે તે સીધી લીટીમાં આ લોકની ઉપર જાય છે. તે સિદ્ધ લોકોનું અચળ સ્થાન છે. બીજો દાખલો લેઇએ, આત્મામાં રહેલી કર્મની વર્ગણા જુદી જુદી સ્થિતિ ધારણ કરી શકે છે જેમ કાદવવાળા પાણીને હલાવવામાં આવે તે વખતની સ્થિતિની માફક તે ડોળાયેલું હોય અથવા કાદવ પાણીને તળીએ બેઠેલો હોય, તે વખતની સ્થિતિ માફક તે સ્થિર હોય, અથવા તો કાદવ દૂર કર્યા પછી જ્યારે નિર્મળ પાણીને રેડવામાં આવે તે વખતના જેવી સ્થિતિ હોય, જો કે લીધેલા દાખલામાં દર્શાવેલી જળની અપવિત્રતા કરતાં તે વધારે સૂક્ષ્મ હોય તોપણ એ-

ટકું તો સ્પષ્ટ છે કે કર્મને તેઓ દ્રવ્ય તરીકે માને છે.

કર્મ પૌદ્ગલિક છે. તેના ત્રીજા દૃષ્ટાંત તરીકે લેશ્યાના સંબંધમાં હું કહીશ. લેશ્યા તે આત્માના રંગો છે અને તે રંગો છેક કાળાથી આરંભીને ચળકતા શ્વેત હોય છે. પણ તે રંગો આપણે સામાન્ય મનુષ્યો આપણી આ ચક્ષુથી જોઇ શકતા નથી. આ લેશ્યાનો મત આઝ્વિક લોકો પણ માનતા હતા. અને તે વિષય ઊપર ડૉ. હૉર્નેલે ઘણો પ્રકાશ નાંખ્યો છે. આ આત્માના રંગો કર્મથી ઊત્પન્ન થાય છે અને કર્મ તે રંગનારદ્રવ્યનું કામ સારે છે આ સ્થળે પણ કર્મ પૌદ્ગલિક સ્વભાવનું છે એ સ્પષ્ટ થાય છે.

હવે મુળ વિષય ઊપર આવતાં જણાવવું જોઇએ કે પૌદ્ગલિક કર્મ જે આત્મામાં પ્રવેશ કરે છે, તે આઠ પ્રકારમાં બદલાઇ જાય છે. જેના સબંધમાં હું હમણાંજ બોલવા માગું છું. જેવી રીતે એક વખત ખાધેલો ખોરાક સાત ધાતુઓ રૂપે પરિણમે છે, તેવીજ રીતે એક વસ્તુ કર્મના આઠ વિભાગમાં વ્હેંચાઇ જાય છે આ પ્રમાણે પરિણામ પામેલી અને એકરસ થઇ ગયેલી કર્મ વર્ગણાનું સુક્ષ્મ શરીર બને છે, જે આત્માને આચ્છાદિત કરે છે અને જે જન્માંતરમાં તેની સાથે જાય છે. જ્યાંસુધી તે નિર્વાણ પ્રાપ્ત કરે અને જગતના શિખરે (સિદ્ધશિલાએ) પહોંચે ત્યાંસુધી આમ ચાલ્યાંજ કરે છે.

જૈનોનું આ સૂક્ષ્મ અથવા કાર્મણ શરીર સાંખ્ય લોકોના સૂક્ષ્મ શરીર અથવા લિંગ શરીરને મળતું આવે છે. આ કાર્મણ શરીરનું કર્તવ્ય સમજવાને સારૂ જે આઠ કર્મોનું તે બનેલું છે તેનો ટુંક ખ્યાલ આપણે મેળવવો જોઇએ. આત્માની જે સ્વાભાવિક શક્તિઓ જ્ઞાન અને દર્શન છે તેને પ્રથમનાં બે કર્મ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય વિરાધે છે. ત્રીજું કર્મ મોહનીય મોહ ઊત્પન્ન કરે છે અને મુખ્યત્વે રાગદ્વેષનું ઉત્પાદક છે. વેદનીય કર્મ સુખ કે દુઃખ રૂપે પરિણામ પામે છે. અમુક જીંદગીમાં માણસની જીંદગીની હદ આયુષ્ય કર્મથી નિશ્ચિત થાય છે. એક વ્યક્તિ તરીકે તેને શું શું લાગેલું છે તે સર્વ નામકર્મથી મુકરર થાય છે. અમુક ગોત્ર અથવા વર્ગમાં જન્મ ગોત્રકર્માનુસાર થાય છે અને આત્માના ગુણોનું અને શક્તિઓના અનુભવમાં પ્રતિબંધરૂપે અંતરાયકર્મ કામ કરે છે આ આઠ પ્રકારના કર્મની અમુક હદ હોય છે, તે દરેકની જુદી જુદી હોય છે પણ તે હદમાં તે કર્મનું પરિણામ આવવુંજ જોઇએ, પછી તે આત્મામાંથી દુર થાય છે. આ ક્રિયાને નિર્જરા કહેવામાં આવે છે.

તેના કરતાં વિરૂદ્ધ ગતિ જેની મારફતે કર્મ આત્મામાં આવે છે, તેને આસ્રવ શબ્દ કહે છે. આ શબ્દ બુદ્ધ ધર્મના અભ્યાસકોને પરિચિત છે. શરીર આને મનના

કાર્યો ( યોગ ) તેજ આસ્રવનાં કારણ છે. તે મનયોગ અથવા શરીરયોગનાં દ્વાર ખુલ્લાં કરે છે અને તે તે દ્વારા કર્મ આત્માપર ચઢાઇ કરતું હોય એમ લાગે છે. તેવખતે જો આત્મા સમભાવ ન રાખી શકે એટલે કે જો તે માણસને સમ્યક્ દર્શન ન હોય, વ્રત પાળતો ન હોય, અથવા પોતાના કાર્યમાં પ્રમાદી હોય અથવા મનોવિકારોને તાબે કરતો ન હોય, તો આ સઘળી બાબતોમા એક અથવા બધી બાબતોમાં રાગને વશ થઇને આત્મામાં કર્મની વર્ગણા રહે છે. અથવા જૈનો કહે છે તેમ બંધ પડે છે. પણ આસ્રવ અથવા કર્મનું આવવું તે અટકાવી શકાય. આને સંવર કહે છે.

આ પ્રાથમિક વિચારો ઉપર જૈનોએ તત્વ જ્ઞાનની ઇમારત ચણી છે. આ જગતના પ્રશ્નાનો ખુલાસો આપવાને, અને મોક્ષનો માર્ગ બતાવવાને– સાંખ્યોની માફક–જુદે જુદે માર્ગે તે ઉપયોગી થાય છે આ બાબત સ્પષ્ટ કરવાને બીજી કેટલી બાબતો હું રજુ કરવા માગુ છુ. આસ્રવનો રોધ અથવા સંવર ચારિત્રના અમુક નિયમો પાલવાથી, મન, વચન, અને કાયાના વિકારને વશ કરવાથી શુદ્ધ નીતિથી, ધ્યાનથી, અને શુભ કે અશુભ વસ્તુઓ તરફ ઉદાસીનભાવ રાખવાથી થઇ શકે છે. તો પણ સૌથી સારો ઉપાય આ કામ વાસ્તે તપનો છે બીજા સાધનો કરતાં આ સાધનમાં વધારે બીના એ છે કે કર્મનો સંચય તેથી થતો અટકે છે, એટલું જ નહિ પણ જે કર્મ સંચિત ( સત્તામાં)હોય તે પણ બળી જાય છે. તપ આ પ્રમાણે નિર્જરા કરે છે, અને મોક્ષ ભણી લઇ જાય છે. યતિ ધર્મમાં આશા રાખી શકાય તે પ્રમાણે તપ તે મુક્તિનું પરમ સાધન તેઓ માને છે, તપનો જે સામાન્ય અર્થ છે તેના કરતાં કાંઇક જુદા અર્થમાં તપશબ્દ જૈન ધર્મમાં વપરાએલો છે. શારીરીક તપ, અથવા બાહ્ય તપ અને અભ્યંતર તપ અથવા માનસિક તપ એમ તપના બે પ્રકાર છે. શારીરિક તપનો ઉપવાસ કરવામાં, થોડું ખાવામાં, સ્વાદરહિત ખોરાક ખાવામાં, અથવા શરીરને આરામ નહિ આપતાં કષ્ટ આપવામાં, સમાવેશ થાય છે. માનસિક તપના જુદા જુદા વિભાગ છે. પશ્ચાતાપ વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ અને ધ્યાનમાં માનસિક તપનો સમાવેશ થાય છે.

હું એક બાબતઉપર તમારૂં ધ્યાન ખેંચવા માગું છું કે જૈનાએ શિખવેલા તપના માર્ગમાં ધ્યાન તે નિર્વાણ પ્રાપ્ત કરવાના પગથીઆમાંનું એક છે. જો કે નિર્વાણ ધ્યાનના બે પવિત્ર પાયા પછી તરતજ પમાય છે. તોપણ તપના સઘળા વિભાગો તેટલાજ ઉપયોગી છે. જ્યારે આપણે જૈનનો તપ સાંખ્યયોગના તપની સાથે સરખાવીશું ત્યારે ઉપરની બાબતની સત્યતા વધારે સારી

રીતે સમજાશે. સાંખ્યના યોગમાર્ગમાં જૈનના તપના કેટલાક વિભાગ સમાઇ જાય છે, પણ તે વિભાગો ધ્યાન અથવા સમાધિ કરતાં ઉતરતા છે. ખરેખર આખા યોગમાર્ગનો પાયો ધ્યાન અથવા સમાધિ છે. ધારણા ધ્યાન અને સમાધિની ત્રિપુટી કરતાં બધા તપના વિભાગો ઉતરતા છે. જ્ઞાન ઉપર સાધ્ય બિંદુ પ્રાપ્ત કરવાનો આધાર છે, એવી વિચાર પદ્ધતિમાં ઉપર જણાવેલી બાબત સ્વાભાવિક છે. અતીંદ્રિય શક્તિઓ ( લબ્ધિઓ ) પ્રાપ્ત કરવાને અને આત્માને મુક્ત કરવાને ધ્યાનની આવશ્યકતા છે, એમ જણાવવાને બુદ્ધિ, અહંકાર અને મનથી આરંભીને પ્રકૃતિના પ્રકટીકરણનો સિદ્ધાંત શોધવામાં આવ્યો હોય એમ મને તો લાગે છે. સાંખ્યયોગ તે યતિઓનો તત્ત્વજ્ઞાન માર્ગ છે. પણ તેઓનું યતિત્વ ઘણુંજ સૂક્ષ્મ છે, અને બહુજ ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક છે; જૈનોનું યતિત્વ પ્રાથમિક છે. તેનો મુખ્ય ઉદ્દેશ કર્મના મળથી આત્માને મુક્ત કરવાનો છે. તે વખતમાં ચાલતા યતિત્વમાં જૈન ધર્મે કેટલોક સુધારો કર્યો હશે. શરીરને જાણી જોઇને પીડા આપવી વગેરે હદબહાર તપના પ્રકારનો જૈનોએ ત્યાગ કર્યો. પણ તપના અથવા યતિપણાના સ્વરૂપમાં ફેરફાર કર્યો નહિ. બ્રાહ્મણોના યોગમાર્ગ કરતાં પણ જુની પદ્ધતિને જૈનોએ પ્રચલિત કરી, અને તે ઉપરથી એવા પ્રકારના જુના વખતના ધાર્મિક જીવનનો આપણને ખ્યાલ આવે છે, કે જે જીવનમાં પ્રાથમિક કલ્પનાઓની એંધાનીઓ આપણને જણાય છે. તે કલ્પના પ્રમાણે એવા પ્રાથમિક વિચારો માલુમ પડે છે કે જેનો આ લેખમાં ખ્યાલ આપવા મેં પ્રયાસ કર્યો છે.

છેવટ હું તત્ત્વજ્ઞાનની ત્રીજી વિચાર શ્રેણીનો વિચાર કરીશ. તે વિચાર શ્રેણી અથવા પંડિતોનું તત્ત્વજ્ઞાન, ન્યાય અને વૈશેષિક મતના નામથી જાણીતું છે. આ તત્ત્વજ્ઞાનનું લક્ષણ એ છે કે, જે લોકો સંસ્કૃત ભાષા બોલે છે, તેઓના સર્વના સામાન્ય વિચારો અને ભાવોની નોંધ લેવી, વ્યાખ્યા આપવી, અને તેમને પદ્ધતિસર ગોઠવવાનો પ્રયત્ન કરવો. આવા તત્ત્વજ્ઞાન તરફ જૈનોને પણ કેટલેક અંશે આકર્ષણ થયું હતું. કારણ કે આપણે પ્રથમ જણાવી ગયા તેમ જૈનો વ્યવહારિક દ્રષ્ટિથી જોનારા છે, અને ખરેખર ઘણા જૈનોએ ન્યાય અને વૈશેષિક વિષે લખ્યું પણ છે. પણ જ્યારે જૈન વિચાર શ્રેણી રચાઇ ત્યારે નૈયાયિક અને વેદાંતી અથવા ધર્મ શાસ્ત્રના જાણકારમાં ભેદ પડયો એમ ન હતું. નૈયાયિકના નામને યોગ્ય થાય તેવો વર્ગ ખરેખર તે વખતમાં નહોતો. અને તેથી તેઓના તત્ત્વજ્ઞાનની ખામી હતી, અને જૈનની ચાલતી આવેલી દંતકથા પણ એજ બાબત જણાવે છે કારણ કે તેમના મત પ્રમાણે વૈશેષિકમતનો સ્થાપનાર ચોલ્ય રોહ ગુપ્ત હતો. તે

પ્રથમ જૈન હતો. અને મહાવીરથી આઠમા સ્થવિર મહાગીરીનો શિષ્ય હતો. માટે જૈન અને આ દર્શન વચ્ચેના સંબંધ વિષે તપાસ કરવાનો આપણને પ્રસંગ નથી, પણ એમ જણાવવું જોઇએ કે પરમાણુવાદ જે વૈશેષિક દર્શનનું ખાસ લક્ષણ છે, તેની રૂપરેખાતો જૈનોએ પ્રથમ દર્શાવી હતી.- વાયદર્શન જૈનધર્મ કરતાં અર્વાચીન છે. કારણ કે જૈનોની તાર્કિક પરિભાષા અને તર્ક પ્રાથમિક સ્વરૂપના ભાસે છે. અને ન્યાયના વિશેષ વૃદ્ધિ પામેલા મતની સાથે તદ્દન અસંબંધવાળુ ભાસે છે. છેવટ મારો ચોકસ અભિપ્રાય મને જણાવવા દો કે "જૈનધર્મ તે જુની વિચાર શ્રેણી છે; અને બીજા દર્શનો કરતાં તદ્દન જુદુ અન સ્વતંત્ર છે. અને તેટલા માટે તે દર્શન પ્રાચીન હિંદુસ્તાનના તત્ત્વજ્ઞાનના વિચાર અને ધાર્મિક જીવનના અભ્યાસ વાસ્તે બહુ અગત્યનું છે. "

---

* પ્રો. હર્મન જેકોબીએ જૈનતત્ત્વજ્ઞાન ઉપર લેખ લખ્યો છે. તે ઉપરથી એમ જૈનો વિચારશે કે જૈનધર્મ એ બૌદ્ધધર્મનો ફાંટો છે, એમ કહેનારને બોલવાનો અવકાશ રહ્યો નથી. જૈનધર્મ પ્રાચીન અને સર્વજ્ઞ કથિત ધર્મ છે એમ સિદ્ધ થયું છે. હર્મન જેકોબી હજી જૈનધર્મ સંબંધી વિશેષ વિશેષ જાણશે તેમ તેમ તેમના વિચારો જૈનધર્મને પ્રાચીન માનવામાં દોરાશે. અને તેઓ જૈનધર્મથી સારી રીતે ભવિષ્યમાં માહિતગાર થશે તો જૈનધર્મની શ્રદ્ધા પ્રાપ્ત કરશે. તેમની જેટલી બુદ્ધ છે તેટલું તે હૃદયથી જણાવે છે, તેમના વિચારો પ્રતિદિન સુધરે એમ ઇચ્છીએ છીએ.

( મુનિશ્રી બુદ્ધિસાગર )

---

ॐ नमः

# श्री गुरु बोध.

## प्रात काल.

( લેખક. મુનિશ્રી બુદ્ધિસાગરજી. )

પ્રભાતના પ્રહરનાં ચિન્હો જણાતાં હતાં. અર્ધનિદ્રા અર્ધજાગ્રત જેવી અવસ્થા હતી. જગત્ શાંત દેખાતું હતું. કોઇ સંસ્કારના વશથી પુણ્યના પ્રેરાએલ શ્રીસદ્ગુરૂની મૂર્તિ તેવી અવસ્થામાં આંખો સામે ભાસવા લાગી. જેમ જેમ ટગર ટગર જોઉછું તેમ તેમ ઠેઠ પાસે આવવા લાગી. આનન્દપ્રદ આંખોનો ચળકાટ હતો. મુખવસ્ત્રિકા અને રજોહરણથી અલંકૃત પ્રતિમા

દેખી, સર્વ અવયવમાં પરિપૂર્ણ શાંતતા દેખા, રાગદ્વેષવિનાનું શાંતવદન અ-પ્રતિમ આનંદનું ભ ન સુચવતું હતું. સાક્ષાત્ જાણે સદ્ગુરૂ આવ્યા હોય તેવી સ્થિતિ દેખાવા લાગી, હર્ષોલ્લાસથી ઉઠયો. શ્રીસદ્ગુરૂને વિધિપૂર્વક વંદન કર્યું. હર્ષાશ્રુ આવી ગયાં. હું શ્રીગુરૂની સ્તુતિ કરવા લાગ્યો.

જય જય શ્રીસદ્ગુરૂજી ભવભય ભંજકદુઃખહરારે
જ્ઞાતા પરોપકારી મંગલકારક સુખકરારે — જય.
સમ્યગ્ જ્ઞાન પ્રરૂપક સ્વામી, નામિ પણ નિશ્ચય નિર્નામી
પુણ્યોદયથી વ્હાલા આ અવસરમાં અવતર્યારે. — જય. ૧
અન્તર ચક્ષુદાતા ધ્યાની, વાત નહિ કોઇ તુજથી છાની.
જય જય જગદીશ્વર વિવેકી સદ્ગુણ સહુ ભર્યારે. — જય. ૨
ભવજીવ શ્રીસદ્ગુરૂ સેવા, અનુભવ અમૃતસુખના મેવા;
બુદ્ધિસાગર સદ્ગુરૂદેવા અનુભવ સુખવર્યારે. — જય. ૩

આ પ્રમાણે સદ્ગુરૂની સ્તુતી કરી વંદન કરી તેમના સામું બે હસ્ત જોડી ઉભો રહ્યો. શ્રીસદ્ગુરૂ વાણી પ્રકાશવા લાગ્યા. તેઓશ્રીએ મારા મસ્તકપર કૃપામય હસ્ત મૂકયો. તે સમયે મનમાં અલૌકિક આનંદનું ભાન થયું. ત્યારે મને સ્મરી આવ્યું કે અહો મહાપુરૂષની કૃપામાં અદ્ભૂત શક્તિ રહેલી છે. શ્રીસદ્ગુરૂએ પ્રસન્ન વદને કહ્યું કે હે શિષ્ય! જગતમાં સારભૂત હું તને બાર રત્ન આપું છું આ બાર રત્ન અલૌકિક છે. દેવતાઓને પણ દુર્લભ છે. અનેક ભવ્ય જીવો બાર રત્નના મહિમાથી પરમાત્મસ્વરૂપમાં લીન થયા છે, થાય છે, અને થશે. એમ કહી પ્રત્યેકનું યથાર્થ સ્વરૂપ કહી બતાવ્યું. તે નીચે મુજબ બાર ચિંતામણિરત્ન છે.

## विनय, विवेक, मैत्री, दया, सत्य, ब्रह्मचर्य, संतोष, श्रद्धा, भक्ति, दान, आत्मज्ञान, अने समाधि.

આ બાર રત્નોનું સ્વરૂપ શ્રીગુરૂએ અમૃત વાણીથી વર્ણન કર્યું. અને કહ્યું કે હે ભવ્ય! આ બાર રત્નોનું યથાર્થ સ્મરણ કરી ગ્રહણ કરજે. ત્હારા આત્માની ઉન્નતિ આ માર્ગથી થવાની છે. ત્હારૂં જીવન આ બાર રત્નના મહિમાથી પ્રતિદિન ઉચ્ચ થશે. ગૃહાવાસમાં અને ત્યાગાવસ્થામાં પણ યથાયોગ્ય આ બાર રત્નોનું સેવન કરવાથી અનંત સુખની ખુમારી પ્રગટે છે. હે ભવ્ય! આ બાર રત્નોનો અપાર મહિમા છે. ઇત્યાદિ સદુપદેશ આપી શ્રીસદ્ગુરૂ તિરોહિત થઇ ગયા. ઘણું જોયું તોપણ દેખાયા નહિ. તેમના ઉપદેશાનુસાર પ્રત્યેક રત્નનું સ્વરૂપ વિચારવા લાગ્યો.

# विनयरत्न.

१ धर्मस्य मूलं विनयः ।

२ विनयाद् विद्याप्राप्तिः

ધર્મનું મૂળ વિનય છે. વિનયથી વિદ્યાની પ્રાપ્તિ થાય છે. વિનય અમૂલ્ય વશીકરણ છે. જે જે મનુષ્યો પ્રતિ જે જે પ્રકારે વિનય કરવો ઘટે તે તે પ્રકારે કરવો. વિનયથી અમૂલ્ય સદ્ગુણો આત્મા ગ્રહણ કરે છે. વિનય વિનાનું જીવન સુખપ્રદ થતું નથી. જે જે મહાત્માઓ થઇ ગયા, તેઓનું ઉચ્ચ વર્તન વિનયથી હતું. જગતમાં વિનયથી મનુષ્યો સુખની લીલાને પામે છે. **માતાનો વિનય, પિતાનો વિનય, વિદ્યાગુરુ વિનય, મોટાનો વિનય, उचित विनय, धर्मगुरु विनय,** વિગેરે વિનયના અનેક ભેદ છે. પ્રથમનો માતાના પેટમાં મનુષ્યોને રહેવું પડે છે. માતા ગર્ભનું પ્રેમથી પોષણ કરે છે. ગર્ભની બાહિર નીકળતાં પણ દૂધપાન-ખવરાવવું, પીવરાવવું વિગેરે અનેક ઉપાયોથી જનની ઉત્પન્ન થનાર બાલક તથા બાલિકા પ્રતિ ઉપકાર કરે છે. માતાનો અપૂર્વ ઉપકાર છે. માતાની પુત્ર પુત્રીઓ પ્રતિ અમૃતદષ્ટિ રહે છે.

**श्लोक.**

जनन्यै प्रातरुत्थाय—नमस्कारं करोति यः ॥
तीर्थयात्रा फलं तस्य—तत्कार्योऽसौ दिनेदिने ॥१॥

પ્રાતઃકાળમાં ઉઠીને જે માતાને નમસ્કાર કરે છે તે તીર્થયાત્રાનું ફળ પામે છે માટે પ્રતિદિન માતાને નમસ્કાર કરવો જોઇએ માતાને નમસ્કાર કરવાથી પુત્રપુત્રીઓ સુખી થાય છે, માતાપ્રતિ ઉચ્ચવિનયથી વર્તવું જોઇએ. માતાની આજ્ઞાનું પાલન કરવું જોઈએ.–માતાના સ્નેહથી પુત્રપુત્રીઓની જીંદગાની સુધરે છે. પ્રથમના સમયમાં માતા એક પૂજ્ય મનાતી હતી, તેથી પૂર્વ કાલમાં ભારતવર્ષની ઉન્નતિ હતી. હાલમાં પુત્રપુત્રીઓ જોઇએ તેવો માતાપ્રતિ વિનય રાખતાં નથી. તેથી માતાના આશીર્વાદને પાત્ર થતાં નથી.

કેટલાક પુત્રો તો માતાના વિનયને હસી કાઢે છે અને સ્વાર્થના માટે નીચજનનો પણ વિનય કરે છે તેવા પુત્રોનું કલ્યાણ થતું નથી. માતાને દેખીએ હસ્ત જોડી નમસ્કાર કરવા, વિનયવચનથી તેમની સાથે બોલવું, મનમાં પણ માતાના પ્રતિ ઉચ્ચભાવ રાખવો. કેટલાક પુત્રપુત્રીઓ સ્વાર્થ હોય છે, તાવત્ માતાનો વિનય કરે છે અને જ્યારે સ્વાર્થ હોતો નથી, ત્યારે માતાને નમતા નથી અને તેમને બોલાવતા નથી. આવા સ્વાર્થ સાધક અધમ પુત્રપુત્રીઓથી

પોતાનું કલ્યાણ તથા દેશનું કલ્યાણ પણ થતું નથી. કેટલાક માતાને નમસ્કાર કરતાં શરમાય છે પણ તેમણે વિચારવું જોઇએકે, માતાના ઉદરમાં નવ માસ રહેતાં કેમ લજ્જા આવી નહીં ! જો તમારી પેઠે તમને ઉદરમાં રાખતાં લજ્જા પામી હોતતો તમારૂં જન્મવું પણ થાત નહીં અવિનયી પુત્રો તથા પુત્રીઓએ વિચારવું કે, તમારાપ્રતિ માતાએ જે ઉપકાર કર્યાછે તેવો ઉપકાર તમો માતાનાપ્રતિ કરી શકશો કે ? ના નહિ. પુત્રપુત્રીઓના હિતમાટે જનનીએ ખાવાપીવા માટે કેવા નિયમ સાચવ્યા છે, ગર્ભની બહિર નીકળતાં માતાને કેટલું બધું દુઃખ પડયું છે. શું તેનો ઉપકાર વિનય કર્યાવિના તમો વાળી શકશો કે ? ના કદી નહિ. બાલ્યાવસ્થામાં તમારી જે સેવા ઉઠાવી છે તેનું તમો સ્મરણ કરો, કોઇ શેઠ વા રાજાને ઝુકી ઝુકીને સલામ કરો છો, ત્યારે શું તેના કરતાં તમારી માતા ગઇકે ! માતાની પ્રસન્નતા મેળવવા તમે નસીબવાન્ નથી તો પ્રભુની કૃપા શીરીતે મેળવી શકશો ? જે મનુષ્ય જનનીને હીનગણે છે ત્યારે તેનો આત્માપણ હીન થાય છે. પૂર્વકાલમાં પુત્રો માતાનો વિનય વિશેષતઃ જાળવી શકતા હતા, ત્યારે તે સમયના આર્યપુત્રો મહાસમર્થ થયા હતા, તમે સત્તાવાન્ થાઓ, લક્ષ્મીદાર બનો વિદ્વાન્ બનો; તો પણ તમારી માતાથી ઉચ્ચ બનવાના નથી, તમારા આખા જીવનમાં તમારી માતા ઉપકાર કરનારી કહેવાશે,માતાની દયાદૃષ્ટિ—પ્રેમદૃષ્ટિ જેવી પુત્રપુત્રીઓપર રહે છે તેવી અન્યપર રહેતી નથી. દુઃખ વેઠીને પણ માતા પુત્રો તથા પુત્રીઓનું પોષણ કરે છે, પુત્રપુત્રીઓનું ભલું દેખી ખુશી થાય છે, અને પુત્રપુત્રીઓના દુઃખ ટાળવા પ્રયત્ન કરે છે. પ્રેમનો અપૂર્વ દાખલો બેસાડનાર માતા છે. માતાની કૃપાદૃષ્ટિનું ઘણું માહાત્મ્ય છે. **પુત્ર** તે કુપુત્ર થાય પણ **માતા કુમાતા** થતી નથી, માતાની પ્રેમલાગણીથી પુત્ર તથા પુત્રીઓનું જગતમાં ભલું થાય છે. વિનેય પુત્રપુત્રીઓ માતાની આજ્ઞાનુસાર વર્તે છે, તેમના વચનનો લોપ કરતાં નથી, માતાના પ્રતિ જેનો વિનય હોય છે, તેનો પ્રભુના પ્રતિ વિનય થાય છે જે પુત્રો માતાનો વિનય સેવીને કાર્ય કરે છે, તેઓ દરેક કાર્યમાં જય મેળવે છે. શ્રીમહાવીરસ્વામી ચોવીસમા તીર્થંકર થયા, ચોસઠ ઇન્દ્રપૂજિત હતા, વીરપ્રભુ માતાના ઉદરમાં હાલ્યાચાલ્યા વિના રહ્યા. પ્રભુના મનમાં એમ આવ્યું કે જો પેટમાં હાલીશ તો મારી માતાને દુઃખ થશે. તેથી તેમણે સ્થિર રહેવાની પ્રવૃત્તિ કરી. તેથી માતા વિલાપ કરવા લાગી, "અરે કેમ મારો ગર્ભ હાલતો નથી," મહદ્દુઃખ પામવા લાગી, શ્રીવીરપ્રભુએ અવધિજ્ઞાનથી માતાનો અભિપ્રાય જાણી લીધો અને વિચાર્યું કે અહો જગતમાં મોહની કેવી લીલા છે. ગર્ભમાં છતાં પણ માતાનો અપૂર્વસ્નેહ છે, તો બાહિર નીકળતાં તો ઘણો સ્નેહ

થવાનો, ત્યારે તમણે માતપિતાને દુઃખ ન થાય એમ જાણી પ્રતિજ્ઞા કરી કે, **માતાપિતા જીવતાં સંયમ નવિ ગ્રહું** માતાપિતા જીવતાં સંયમ ગ્રહણ કરું નહિ. આવી પ્રતિજ્ઞા માતાની ઉપકાર બુદ્ધિ તથા સ્નેહની લાગણીથી કરી. શ્રી વીરપ્રભુ સરખાએ પણ જનનીનો વિનય કર્યો. અન્યમનુષ્યોએ તેઓશ્રીનો દાખલો લેઇ વિનયમાં રક્ત થવું જોઇએ. **વિનય વૈરીને વશ કરે**; આ નાની સરખી કહેવત ભૂલવી જોઇતી નથી. સ્ત્રી પરણ્યાબાદ સ્ત્રીના વશીભુત થએલા કેટલા ક યુવાનપુરૂષો માતાનો તિરસ્કાર કરે છે. કેટલાક તો તાડુકે છે અને ગાળ પણ દેછે. ભવ્યો ! વિચારશો તો જણાશે કે આવા પુત્રોથી પોતાનું અને અન્યનું કલ્યાણ થઇ શકતું નથી. કેટલાક પુત્રો તો માતાને વૃદ્ધદેખી તેના તરફ અણ ગમો દર્શાવે છે, આવી અવિનયની વૃત્તિથી તેમના પુત્રોમાં અવિનય ઘુસી જાય છે. અને અવિનયની પરંપરા કુટુંબમાં વૃદ્ધિ પામે છે. કેટલાંક પુત્રપુત્રીઓ માતાની આજ્ઞાઓ ઉઠાવતાં નથી. અને ઉલટું માતાના દોષો અન્યની આગળ કહે છે. માતાની નિંદા કરે છે. તેવાં પુત્રપુત્રીઓ વિનયરત્નનો મહિમા જાણી શકતાં નથી. માતાની નિંદા કરવી માતાના સામું બોલવું ઇત્યાદિ અવિનયથી પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. જેણે માતાની ઉપકારબુદ્ધિ જાણી નથી. તે અન્યની ઉપકારબુદ્ધિ શી રીતે જાણી શકશે ? અન્ય દેવીઓની મૂર્ત્તિઓ આગળ કરગરીએ છીએ અને ગાય જેવું ગરીબ મુખ કરીએ છીએ, તેવી વૃત્તિ માતાની આગળ થાય તો આત્માની ઉન્નતિ થાય. માતાનો સ્વભાવ ચીડીઓ હોય તોપણ પુત્ર પુત્રીઓએ ગમ ખાવી, ગમે તેવા દુઃખના સંયોગોમાં જ્યાં સુધી ગૃહાવાસમાં રહેવાનું છે તાવત્ માતાનો વિનય મૂકવો નહીં. આ જગતમાં ઉત્તમ પુરૂષો વિનયથી શોભી શકે છે, જ્યાં સંપ હોય છે ત્યાં જંપ હોય છે, તેમ યત્ર વિનય હોય છે ત્યાં સર્વ સદ્ગુણો આવીને વસે છે. આ જગતમાં શાંતિ મેળવવી હોય તો માતાનો વિનય મૂકવો નહીં. કેટલાક સ્વાર્થાંધ પુત્રો માતા શિખામણ આપે છે તો તે કંઇ હિસાબમાં ગણતા નથી, જાણે માતા બબડયા કરે છે એમ માને છે; તેઓ વિચાર કરશે તો માલુમ પડશે કે હિતકારક માતાની શિખામણ પરિહરતાં અહિતની પ્રાપ્તી થવાની, માતાને પગે લાગવું. એટલે માતાનો વિનય પૂર્ણ થયો એમ માનવું નહિ, માતાની મરજી અનુસારે વર્તવું જોઇએ. પુત્રોના વિચારથી માતાના વિચાર જુદા હોય તોપણ માતાના હૃદયમાં પોતાના વિચારો ઉતારવા. પણ ઉતાવળીયા થવું નહિ. માતાના વિચાર સારા હોય તો તો પોતાના વિચાર સુધારવા, પણ હઠ કદાગ્રહ કરવો નહીં, માતાના વિચારો પુત્રને દુઃખ આપવાના તો હોય જ નહિ, શ્રી કૃષ્ણભગવાન્ અને બળદેવે

તથા રામચંદ્ર અને લક્ષ્મણે માતાનો વિનય કર્યો છે, તેવી રીતે વિનય કરવો જોઇએ. પુત્ર અને પુત્રીઓમાં જે કોઇ વિનયવંત હોય છે તેના ઉપર માતાનો વિશેષ પ્રેમ હોય છે, માતાના વિનયથી પુત્ર પુત્રીઓનાં હૃદય નિર્મલ બને છે. જ્યારે ગંગા અને યમુના નદીને જે લોકો નમસ્કાર કરે છે તેઓએ વિચારવું કે શું નદીઓના કરતાં માતાનો ઉપકાર ઓછો છે ? નદી કરતાં શું માતા મોટી નથી, પુત્ર પુત્રીઓએ માતાને સવારમાં પગે લાગવું જોઇએ. અને મન વચન અને કાયાથી માનો વિનય કરવો જોઇએ. માનો વિનય કરવો એ દુનિયામાં પ્રથમ કર્તવ્ય કૃત્ય છે. મા ગાંડી હોય તોપણ માનો વિનય ચૂકવો નહીં. માની આશીષથી પુત્ર પુત્રીઓ જગત્માં યશકીર્તિ પામે છે, જે પુત્ર પુત્રીઓ માતાનો વિનય કરતા નથી તેમના રૂપમાં ધૂળ પડી, તેમના ડાહાપણમાં પણ ધૂળ પડી; જગત્માં માતાનો વિનય કરવાથી પુત્ર પુત્રીઓ ભણી શકે છે. માતાની આજ્ઞા મસ્તકે ચઢાવવી તેમનું મન વર્તીને પ્રવૃત્તિ કરવી, વૃદ્ધાવસ્થામાં તો વિશેષે કરી માતાનો વિનય કરવો. ધર્મકૃત્યમાં વિશેષતઃ માતાને સાહાય્ય આપવી, માતાની આગળ રોફ દેખાડવો નહીં, માતા કદી ખોટું લાગે અને લાગણી દુઃખાય એવું બોલે તોપણ સહનશીળતા રાખવી. માતાને એક મોટી દેવી કરતાં પણ વિશેષ માન આપવું. જે દેશોમાં માતાનો વિનય સચવાય છે તે દેશોની ઉન્નતિ થયા વિના રહેતી નથી. માતાનો વિનય આત્મોન્નતિમાં દ્વારભૂત છે.

## पितानो विनय.

જેના યોગે જન્મ થાય છે તે જનક કહેવાય છે. માતાની પેઠે પિતાનો વિનય પણ કરવા ચૂકવું નહિ. પિતા અનેક દુઃખ વેઠી પુત્રનું ભરણ પોષણ કરે છે. ચકલી અને ચકલો પોતાનાં નાનાં બચ્ચાંને માટે જ્યાં ત્યાંથી ખાવાનું લેઇ આવે છે અને બચ્ચાંનું પોષણ કરે છે. વાઘેણ બચ્ચાને જન્મ આપે છે ત્યારે વાઘ રક્ષણ કરે છે. તિર્યંચોમાં પણ બચ્ચાંઓ તરફ આવો સ્નેહ રહેછે તો પિતાનો પુત્ર પુત્રીઓ તરફ સ્નેહ રહે એમાં શું આશ્ચર્ય ? પિતાનો સ્નેહ કંઇ તોળ્યો તોળાતો નથી. પિતાનો ઉપકાર સંભારીને પુત્ર પુત્રીઓએ પિતાનો વિનય સેવવો. હે પુત્ર પુત્રીઓ ! તમે પણ જ્યારે પિતા અને માતાની પદવીને પ્રાપ્ત કરશો ત્યારે તમારા ઉપર તમારા પુત્રો તથા પુત્રીઓ તેવા વિનયથી વર્તશે. પિતાનો વિનય શ્રી રામચંદ્રજીએ સારી પેઠે જાળવ્યો હતો. અને પિતાની આજ્ઞાને અનુસરી બારવર્ષ વનવાસ ભોગવ્યો હતો. પિતાશ્રીનો વિનય

સાચવવામાં શ્રી મહાવીર સ્વામીએ કચાશ રાખી નથી. પિતાને બે હાથ જોડી પગે લાગવું. પિતાની આજ્ઞા મસ્તકે ચઢાવવી જોઇએ. કેટલાક પુત્રો સ્વાર્થ સિદ્ધ થયો કે, પિતાની યાદી પણ કરતા નથી સ્ત્રીને વશ થએલ પુત્રો પિતાથી જુદાઇ રાખે છે. વૃદ્ધાવસ્થામાં પિતાને ખવરાવતા પણ નથી. અને પોતાના પિતાને હલકા મનુષ્યની પેઠ ગણે છે પણ તેથી તે જગત્‌માં યશ-કીર્તિ પામતા નથી. કેટલાક કુપુત્રો પિતાને ગાળો દે છે અને ઉદ્ધતાઇનાં વચન બોલે છે, આવા કુપુત્રો જો અવિનયનો ત્યાગ કરે તો સુપુત્રો ગણાય. કેટલાક પિતા કરતાં લક્ષ્મી અગર સત્તા વિશેષ પામે છે, તો પિતાને તૃણવત્ ગણે છે. અને પોતાના પિતાને પિતા એમ પણ કહેતાં કોઇક સ્થળે તો શરમાય છે. આવા પુત્રો પોતાનું તથા પરનું કલ્યાણ કરી શકતા નથી. વણે માતપિતાનો અત્યંત વિનય કર્યો હતો તો જગત્‌માં તેનું નામ અમર રહ્યું. હાલ પણ તેવા વિનયવંત પુત્રો તથા પુત્રીઓ થશે તો જગત્‌માં અમર રહેશે. હે પુત્રો તથા પુત્રીઓ ! સદાકાળ સારા વિચાર હૃદયમાં ધારણ કરીને પિતાનો વિનય કરો. વિનયના બદલામાં પિતા તરફથી તમો ઘણું મેળવી શકશો. પિતાના આશીર્વાદથી જગત્‌માં સુખી થશો, જગત્‌માં વ્યવહારઉન્નતિ અને ધર્મોન્નતિને કરી શકશો હે પુત્ર પુત્રીઓ. વિદ્યા અને સુવિનયથી તમારી ઉચ્ચ સ્થિતિ થશે. સર્વમંત્ર શિરોમણિ વિનય છે. પિતાનો વિનય કરશો તો વિદ્યા ગુરૂ તથા ધર્મગુરૂનો વિનય પણ કરી શકશો. વિનયની શુભ પ્રવૃત્તિથી અનેક પ્રકારનાં વિઘ્નોનો નાશ થશે. તમારા પિતા તરફથી તમને ધન મળે અગર ન મળે તો પણ તમારે પિતાનો વિનય કરવો એ આવશ્યક કર્મ છે. પિતાની શુભ આજ્ઞાઓ કે જેથી આત્મોન્નતિ થાય તેનો સદાકાળ આદર કરવો. પિતાજી જે જે હિત શિખામણો આપે તેનો પરમાર્થ વિચારવો. અને પિતાની આજ્ઞા નમન કરીને અંગીકાર કરવી. પિતાના હૃદયની લાગણી દુઃખાય, માઠું લાગે, તેમ કરવું નહિ. પિતાના વિચારો જુના હોય અર્થાત્ અસલી રીવાજના હોય અને પુત્રના વિચારો નવા હોય તો પણ પરસ્પર લાગણી દુઃખાય નહીં તેમ વર્તવું. કદાપિ પિતા અને પુત્રના ધર્મના વિચારો ભિન્ન ભિન્ન હોય તો પણ ક્લેશ કરવો નહીં. માધ્યસ્થ દૃષ્ટિથી તત્ત્વ પરીક્ષા યોગ્ય લાગે તો કરવી. પણ પુત્રે પિતાનો વિનય મૂકવો નહિ. પોતાના વિનયના વર્તનથી પુત્ર પુત્રીઓ પિતાના હૃદયને પોતાની તરફ આકર્ષી શકે છે. વિનયના પ્રતાપે પિતા પુત્રને પોતાનું સર્વસ્વ આપી શકે છે. સ્વાભાવિક નિયમ છે કે વિનય તરફ સંબંધવિના પણ મન આકર્ષાય છે. ત્યારે પુત્રતો પિતાનો સંબંધી છે અને વિનયવંત હોય તો પિતાનું હૃદય પોતાના તરફ ખેંચી લે એમાં કંઇ આશ્ચર્ય નથી. પુત્ર પુત્રીઓ

યથાયોગ્ય સંસારમાં માતપિતાને વિનય કરે તે તેમનો આવશ્યક ધર્મ છે તેથી તેમનું ભલું થાય છે. ( ચાલુ. )

# સમતા સુખ.

( લેખક—મણીલાલ નથુભાઇ ડોસી. બી. એ. )

કીડીથી તે કુંજર સુધી, આફ્રીકાના જંગલીથી તે ચક્રવર્તી રાજા સુધી દરેક જીવ સુખ શોધે છે. કયા માર્ગથી સુખ મળશે તે કોઇ જાણતું નથી, પણ સુખને વાસ્તે દરેક માણસ પ્રયત્ન તો કરે છે. દરેક ધર્મી પુરૂષનું છેવટનું સાધ્યબિન્દુ મોક્ષસુખ છે. મોક્ષનો જો આપણે ધાત્વર્થ ( root meaning ) વિચારીશું તો સહેજ આપણા ખ્યાલમાં આવશે કે મુક્ત થવું–સ્વતંત્ર થવું તે મોક્ષ છે. તેવી સ્વતંત્રતા શી રીતે મેળવી શકાય ? તે પ્રશ્ન આપણે વિચારવાનો છે. કારણ કે સ્વતંત્રતા સમાન સુખ આ જગતમાં બીજું એક પણ નથી, તેમજ પરતંત્રતા સમાન બીજું કોઇ દુઃખ નથી. જ્યાં સુધી માણસ ઇન્દ્રિયોને આધીન છે, જ્યાં સુધી તેનું મન તેના સંયમમાં નથી ત્યાં સુધી તે પરતંત્ર છે, અને દુઃખી છે. પણ જ્યારે તેનું મન તેના નિગ્રહમાં આવે છે, અને મનોનિગ્રહદ્વારા જ્યારે તે ઇન્દ્રિયોને કાબુમાં રાખી શકે છે, ત્યારે તે સ્વતંત્ર બને છે. જેટલે અંશે માણસ સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે તેટલે અંશે તે સુખ મેળવવાને ભાગ્યશાળી થાય છે. ત્યારે સ્વતંત્રતા શી રીતે પ્રાપ્ત થાય એ પ્રશ્ન વિચારવાનો છે. જે રાજ્યમાં લોકોને યથેચ્છ વર્તવાની સ્વતંત્રતા છે, તે રાજ્યના લોકો સુખી ગણવામાં આવે છે, પણ કેવળ રાજ્યની સ્વતંત્રતાથીજ માણસ કદાપિ સમગ્ર સુખ પ્રાપ્ત કરી શકે નહિ. કારણ કે માણસના સુખદુઃખમાં રાજ્યની સ્વતંત્રતા કે પરતંત્રતા ઘણો નજીવો ભાગ ભજવે છે. જો રાજ્યની સ્વતંત્રતા એજ પરમ સુખનો આધાર હોત તો ઇંગ્લાંડમાં એક પણ માણસ દુઃખી ન હોત. સર્વ માણસો ત્યાં સુખ વૈભવમાં મ્હાલતા હોત. પણ વસ્તુસ્થિતિ વિચારતાં જણાય છે કે ત્યાંના લોકો સુખી નથી. ત્યાંના ગરીબ માણસો કરતાં આપણો મજુરવર્ગ હજાર દરજ્જે સુખી છે. તેમને દુઃખી હોવાનું કારણ શું છે એ પ્રશ્નના ઉત્તરમાંજ ખરૂં સુખ ક્યાં છે તેનો આપણે જવાબ મેળવી શકીશું.

રાજ્યની ભલે સ્વતંત્રતા હોય, પણ માણસ જ્યાં સુધી ઇન્દ્રિયોના ગુલામ છે, જ્યાં સુધી શરીરને પોતે કાબુમાં રાખી શકતા નથી, પણ શરીરની ઇ-ચ્છાનુસાર પોતે વર્તે છે, ત્યાં સુધી તેઓ દુઃખી છે. ઇન્દ્રિયોને જેમ જેમ પોષવામાં આવે છે, તેમ તેમ તે વિષયના પદાર્થ સારૂ અધિક અધિક તલ્પે છે. પ્રથમ જે વિષય ઇન્દ્રિયને સુખકર લાગતો હતો તેજ વિષયનો અધિક ઉપભોગ થતાં તે દુઃખ કરનારો થઇ પડે છે, કોઇ પણ ઇન્દ્રિય તેના વિષ-યની પ્રાપ્તિથી સંતુષ્ટ થઇ હોય એમ માનવું તે અનુભવ વિરૂદ્ધ છે. શ્રીમદ્ યશોવિજયજી અધ્યાત્મસારમાં લખે છે કઃ—

**विषयैः क्षीयते कामो नेंधनैरिव पावकः ॥**
**प्रत्युत प्रोलसच्छक्तिः भूय एवापवर्धते ॥ १ ॥**

જેમ કાષ્ઠથી અગ્નિ ક્ષીણ થતો નથી, તેમ વિષયના ઉપભોગથી કામ શાંત થતો નથી, પણ તેથી ઉલટો તે પોતાની વધારેલી શક્તિ સાથે વધારે પ્રકટી નીકળે છે. માટે ઇન્દ્રિયોના વિષયની તૃષ્ણા એજ ખરાદુઃખનું કારણ છે. માણસની તંગીઓ સ્વાભાવિક રીતે બહુ અલ્પ છે. ખાવાને સાદો ખો-રાક, પીવાને નિર્મળ ઝરાનું જળ, અને પહેરવાને વસ્ત્ર, આટલી તંગીઓ માણસની પુરી પડે તો પછી તેને બીજા કોઇ પણ પદાર્થની જરૂર નથી. પણ માણસ જેમ પોતાની તંગીઓ વધારવા ધારે તેમ તે વધારી શકે; અને કેટલીક વસ્તુઓ પ્રથમ મોજશોખના પદાર્થ તરીકે ગણવામાં આવતી તે હવે દરરોજની તંગીની વસ્તુઓ તરીખે લેખવામાં આવે છે. ચાકર વગર હવે ચાલેજ નહિ; વિલાયતી સાબુ ન્હાવાને સારૂ જોઈએજ, સ્ટેશન સુધી દશ-શેરની પોટલી પણ **હાથમાં** લેઇ ચાલી શકાય નહિ; ખુરસી અને ટેબલ વગરની શોભાજ નહિ; ગ્યાસલેટનો લેમ્પ જેથી આંખો બગડે, અને ચીમનીઓ મહીનામાં બે વાર ફુટે, એ સિવાય હાલના જમાનામાં સુ-શોભિત ઘર ગણાયજ નહિ; આવી અનેક બાબતો ગણાવી શકાય. પ્રથમ જે મોજશોખના પદાર્થો ગણવામાં આવતા હતા, તે હવે સામાન્ય થઇ પ-ડયા છે. આ પ્રમાણે દિન પ્રતિદિન આપણી તંગીઓ વધતી જાય છે, અને તે તંગીઓ પુરી પાડવાને માણસે ધન મેળવવું જોઇએ; તે ધન મેળવ-વામાં તેનો સઘળો પુરૂષાર્થ સમાપ્ત થઇ જાય છે, તેના સઘળા ગુણો લય પામી જાય છે, અને તે દુઃખની પરંપરાને પાત્ર થાય છે. મારા કહેવાનો ભાવાર્થ એમ નથી કે ઉપર જણાવેલી બાબતોની જરૂર નથી; જેમને તે મો-

ળવવાનાં સાધન હોય તે ભલે તે અને તેના જેવી વસ્તુઓ ખરીદે અને તેનો ઉપભોગ કરે, પણ જેની સ્થિતિ ન હોય, તેને તો એ બાબતની તૃષ્ણા ન રાખવી. કારણ કે તૃષ્ણાજ દુઃખકારક છે, જ્યારે માણસ કોઇ પણ વસ્તુની તૃષ્ણા કરે છે, ત્યારે બે પરિણામ આવે છે, કાંતો તેને નિરાશા અથવા ખેદ થાય છે, જો તે વસ્તુ મળે છે, તો તેને શોક થાય છે; કારણ કે તે પ્રથમ ધારતો હતો તેવી તે મોહક લાગતી નથી; વસ્તુ પ્રાપ્ત થતાં પહેલાં, વસ્તુ જેટલી મોહક લાગે છે, તેટલી પ્રાપ્ત કર્યા પછી તે લાગતી નથી, એવો અનુભવ દરેક વિચારવંતને થયા વિના રહેતો નથી, તે ન્યાયથી તેને નિરાશા થાય છે. પણ જો તે વસ્તુ મળતી નથી તો તેને ખેદ થાય છે. કારણ કે જ્યારે વસ્તુ મળતી નથી ત્યારે તે વસ્તુનું સ્વરૂપ વિશેષ મોહક લાગે છે. નહિ મળેલી વસ્તુમાં કેટલું બધું. સૌંદર્ય રહેલું હશે, તે વિચારથી તેના મનમાં ખેદ ઉત્પન્ન થાય છે. આ રીતે જગતની કોઇ પણ વસ્તુ પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં **નિરાશા** કે **ખેદ** બેમાંથી એક પરિણામ આવે છે. આ પ્રમાણે ઇન્દ્રિયોના વિષયોના ગુલામ બનેલા મનુષ્યો સર્વદા દુઃખીજ સમજવા. આ લેખકના કથનનો એવો ભાવાર્થ નથી કે સઘળા પૌદ્‌ગલિક પદાર્થો સર્વથા ત્યાજ્ય છે, કારણ કે સંસારના વ્યવહારમાં ઘણા પદાર્થોની જરૂર પડે છે. પણ તે પદાર્થો ઉપર રહેલું મમત્વ દુઃખકારક છે. જ્યાં સુધી બાહ્ય પદાર્થોપર મારાપણાનો ભાવ છે, ત્યાં સુધી તે પદાર્થો ન મળતાં અથવા તે પદાર્થોનો વિયોગ થતાં દુઃખ ઉત્પન્ન થાય છે.

"હું અને મારૂં" એ મોહરાજાનો પ્રબળ મંત્ર છે. તે મંત્ર વડે સકળ જગતને પોતાને સ્વાધીન કરી લે છે; અને તે મોહ રાજાના પાશમાં પડેલો માણસ ગુલામ અને દુઃખી થાય છે. દુઃખથી મુક્ત થવાનો સૌથી સારો અને ઉત્તમ ઉપાય એકજ છે, અને તે દેહાધ્યાસનો ભ્રમ ટાળવાનો છે. જ્યાં સુધી આ દેહ તે હું છું એવો ભ્રમ મનુષ્યના મનમાંથી જાય નહિ, જ્યાં સુધી દેહ અને આત્મા વચ્ચેનું ભેદજ્ઞાન થાય નહિ, ત્યાં સુધી મનુષ્ય પોતાનું આત્મત્વ ભુલી જાય છે, અને પોતેજ દેહ છે એમ માનવાને દોરાય છે, આવો દેહાધ્યાસ પ્રથમ ત્યાગ કરવો જોઇએ. કારણ કે દેહાધ્યાસથી અનેક કુકર્મો કરવાને માણસ દોરવાય છે. શરીરનું લાલનપાલન કરવું અને ઇન્દ્રિયોને સંતુષ્ટ કરવી એજ તેના મનથી સર્વસ્વ ભાસે છે. તેનો સઘળો પુરૂષાર્થ તેમાં સમાઇ જાય છે. આ દેહાધ્યાસ છુટવાને આત્મા નિત્ય છે અને પુનર્જન્મ લીધા કરે છે એ જૈન માન્ય સિદ્ધાંત સ્વીકારવાની જરૂર

છે. જ્યારે શરીરનો નાશ થાય છે, ત્યારે આત્મા એક શરીરનો ત્યાગ કરી બીજા શરીરમાં પ્રવેશ કરે છે. દેહ બદલાય છે, પણ અંદર રહેલો આત્માતો નિત્ય છે. તે આત્મા તેજ હું છું પણ આ જન્મોજન્મ બદલાતું શરીર તે હું નથી. આ વિચાર ઉપર ખાસ મનન કરવાની જરૂર છે, હું તે શરીર નથી એ વિચારને કેવળ વિચારરૂપે નહિ રાખતાં અમલમાં મૂકવાની જરૂર છે. જો ખરૂં સુખ મેળવવાની હૃદયમાં તીવ્ર ઈચ્છા ઉત્પન્ન થતી હોય તો તો જેમ બને તેમ દેહ ઉપરનો મમત્વભાવ છોડવાની જરૂર છે. દેહ અને ઇન્દ્રિયોને અનુભવજ્ઞાન મેળવવાના સાધન ગણવા જોઇએ પણ તેમને સંતોષવામાંજ પુરૂષાર્થની પરાકાષ્ઠા થવી જોઇએ નહિ. ધર્મસાધનમાં પ્રથમ સાધન શરીર હોવાથી શરીરની તંદુરસ્તીની ઉપેક્ષા કરવી ઘટતી નથી, પણ દેહના ઉપર મમત્વ રાખી દેહને પોષવામાંજ અને ઇન્દ્રિયોને સંતુષ્ટ કરવામાંજ આપણું સઘળું કર્તવ્ય સમાઇ જવું જોઇએ નહિ. જ્યારે દેહાધ્યાસ છુટશે, દેહ એ હું નથી, એવો ભાવ પ્રકટ થશે, અને દેહ ઉપરનો મમત્વ ભાવ ઘટતો જશે, ત્યારે દેહની બહાર રહેલી જગતની વસ્તુઓ ઉપરથી મમત્વભાવ ઓછો થતો જાય એ સ્વાભાવિક છે સંસારની વસ્તુઓ ઉપર આ રીતે વૈરાગ્ય આવશે, અને તેમને સારૂ જગતમાં વારંવાર ઉત્પન્ન થતા કલેશ કંકાશો, આવું જ્ઞાન ધરાવનાર મનુષ્યના આત્માને, અસર કરી શકશે નહિ. તેનું મન ચિંતા અને ઉદ્વેગરહિત થશે; અને મનની શાંતિ એજ ઉચ્ચમાં ઉચ્ચ સુખ છે. દેહાધ્યાસનો ત્યાગ થવાથી બાહ્ય પદાર્થો ઉપર તે સમભાવ-સમતા રાખતાં શિખે છે. તે વસ્તુઓ મળતાં તેને હર્ષ ઉત્પન્ન થતો નથી, તેનો વિયોગ થતાં તેને દુઃખ ઉત્પન્ન થતું નથી. આ રીતે હર્ષના અને શોકના પ્રસંગમાં તે સમભાવ રાખી શકે છે. જે પ્રસંગો સામાન્ય મનુષ્યને ઉશ્કેરી નહિ કરવા યોગ્ય કામ તેની પાસે કરાવે છે, તે વખતે આવું જ્ઞાન ધરાવનાર માણસ ઉદાસીન વૃત્તિ રાખી શકે છે, અને ચિત્તની સ્થિરતામાં ભંગ થવા દેતો નથી. ચિત્તની સ્થિરતા પ્રાપ્ત કરવાના બીજા પણ અનેક ઉપાય છે, પણ આ લેખમાં તો દેહાધ્યાસનો ત્યાગ કરવો એજ બાબત જણાવવી ઉચિત ધારી છે. બાહ્ય વસ્તુની પ્રાપ્તિ કે વિયોગમાં સમભાવ ધારણ કરનાર મનુષ્ય આ રીતે અનુપમ સુખનો ભોક્તા થાય છે. આ સમતા સુખને આ જગતમાં મોક્ષ સુખની વાનગી સમાન છે. યશોવિજયજી લખે છે કેઃ—

दूरे स्वर्गसुखं मुक्तिपदवी सा दवीयसी ॥
मनः संनिहितं दृष्टं स्पष्टं तु समता सुखम् ॥ १ ॥

સ્વર્ગનું સુખતો દૂર રહ્યું, અને મુક્તિનું સુખ તો તેથી પણ વિશેષ દૂર છે, પણ આ જગતમાં મન સમીપનું સુખ જોવું હોય તો સ્પષ્ટ સમતા સુખ છે. માટે તે આ જગતમાંજ પ્રાપ્ત કરવા સારૂ ઉપર જણાવેલી વિચાર શ્રેણીનો આલંબન કરી દેહાધ્યાસનો ત્યાગ કરવો, અને તે ભાવનાને જગતના વ્યવ- હારમાં પ્રત્યેક ક્ષણે અમલમાં મૂકવા પ્રયત્ન કરવો. નિરંતર પ્રયત્ન કરનારનેજ સમતાસુખ સ્વયમેવ પ્રાપ્ત થશે, તેવું સુખ સર્વને મળો એ લેખકની હૃદ- યની આશિષ છે.

# અહિંસા.

## ( લેખક સત્સંગી બી. એ. )

**अहिंसा सर्वजीवानां सर्वज्ञैः परिभाषितम् ॥**
**इदं हि मूलं धर्मस्य शेषस्तस्यैव विस्तरः ॥ १॥**

સર્વજ્ઞોએ કહેલું છે કે સર્વ જીવોની અહિંસા એજ ધર્મનું મૂળ છે, અને બાકીનાં બધાં વ્રત તેના વિસ્તારરૂપ છે. પુરૂષાર્થ સિદ્ધિ ઉપાય નામના ગ્રંથમાં તેના કર્તા શ્રી અમૃતચંદ્ર સૂરિએ બહુ સારી રીતે પ્રતિપાદન કરેલું છે કે સર્વ વ્રતના આધારભૂત અહિંસાધર્મ છે. જે મનુષ્ય સર્વ પ્રાણીઓને અભય- દાન આપે છે, તે મનુષ્યનો આ જગતમાં પણ કોઇ શત્રુ નથી, અને પર- લોકમાં પણ તેને કોઇ પણ પ્રકારનો ભય રહેતો નથી. માણસ માત્રને પો- તાના પ્રાણ વ્હાલા છે, આ જગત્માં કોઈ પણ માણસ મરણને ઇચ્છતો નથી; મરણના નામ માત્રથી જીવો કંપે છે. જો કે છેવટે શરીર નાશવંત છે, છતાં તેવા પ્રકારનું જ્ઞાન જેને ન થયું હોય, તેને મરણના વિચારથી દુઃખ થાય એ સ્વાભાવિક છે. જેવા પોતાના પ્રાણ પોતાને વ્હાલા છે, તેના સામા મનુ- ષ્યના પ્રાણ તેને વ્હાલા છે, એવો વિચાર લાવી, સાધુ પુરૂષો જગતના જી- વો પર ઉપકાર કરે છે, અને કોઈ પણ પ્રાણીને ત્રાસ ઉપજે, અથવા તેના ભાવ પ્રાણ દુઃખાય તેવું કૃત્ય પણ કરતા નથી. અભયદાન ધર્મનું આરાધન કરવાથી અનેક જીવો આત્મશ્રેય સાધવાને સમર્થ થયેલા છે, તેના અનેક દા- ખલા જૈનશાસ્ત્રમાં મોજુદ છે. શ્રીશાંતિનાથ ભગવાને મેઘરથ રાજાના ભવમાં કબુતરને અભયદાન આપી કરૂણાસાગરનું ભવ્યપદ પ્રાપ્ત કર્યું હતું. પોતાના શરીરમાંથી માંસ આપીને બાજ પક્ષીના ત્રાસથી કબુતરને બચાયું હતું. કા- ગડો પણ લાંબા કાળ સુધી બલિ ખાઇને પોતાનું ગુજરાન ચલાવે છે, પણ

જે લોકો પરમાર્થે આત્મભોગ આપવા તૈયાર થાય છે, તેઓજ ઉચ્ચપદ મેળવવા ભાગ્યશાળી થાય છે. ખરો સ્વાર્થ પરમાર્થથી ભિન્ન નથી. જો સર્વ ધર્મસર્વસ્વાધિકારમાં લખેલા ઉત્તમ શ્લોકપર વિચાર કરવામાં આવે તો માણુસ માત્રનું વર્તન સારા રૂપમાં ફરી ગયા વિના રહે નહિ. તે શ્લોક આ પ્રમાણે છે.

**श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चावधार्यताम् ॥**
**आत्मनः प्रतिकुलानि परेषां न समाचरेत् ॥ १ ॥**

**અર્થ**—ધર્મનો સાર સાંભળો, અને સાંભળીને ચિત્તમાં રાખો. પોતાને જે અનુકૂળ ન હોય તે બીજા પ્રત્યે ન આચરવું. આ શ્લોકમાં લખેલો અર્થ બહુ મનન કરવા લાયક છે, તેનું જો રહસ્ય સમજાય તો બીજા તરફ કેવી રીતે વર્તવું તે પ્રશ્નનું સહજ સમાધાન થઇ જાય. જો આપણને કોઇ ગાળ દઇ જાય તો તે આપણને અનુકૂળ લાગતું નથી તો આપણે પણ બીજાને ગાળ ન દેવી. જો આપણા પર કોઇ ક્રોધ કરે તો તે આપણને ગમતું નથી, તો આપણે બીજાપર ક્રોધ ન કરવો. જો આપણને કોઇ મારે અથવા હેરાન કરે તો તે આપણને રૂચતું નથી તો આપણે પણ કોઇને મારવું કે હેરાન કરવું નહિ. આ સૂત્રનો દરેક ક્ષણે વિચાર કરવો. કોઇ પણ કાર્ય કરતી વખતે તે કાર્ય જો મારા પ્રત્યે આચરવામાં આવે તો મને કેવું લાગે ? એ વિચાર ધ્યાનમાં રાખી વર્તવું. જો તે વિચાર લક્ષમાં હશે તો માણુસ કદાપિ કોઇ પણ અકાર્ય કરશે નહિ, કદાપિ બીજાના જીવને દુભવશે નહિ. આ સિદ્ધાંતના સ્પષ્ટીકરણ અર્થે અભયકુમારનો દૃષ્ટાંત અત્રે નિવેદન કરવામાં આવે છે.

એક સમયે શ્રેણિકરાજાની સભા ભરાઇ ગઇ હતી. સર્વ સભાસદો પોતપોતાને ઉચિત આસને બેસી ગયા હતા. તેવામાં રાજાના મુખમાંથી નીચેનો પ્રશ્ન એકાએક સ્ફુરી નીકળ્યો " હાલમાં આપણા નગરમાં કઇ વસ્તુ સોંઘી છે ? " ત્યારે નિર્દય ક્ષત્રીઓ જેઓ જૈનધર્મી ન હતા, તેમણે કહ્યું " હાલમાં આ નાગરમાં માંસ સોંઘું છે "

અભયકુમારને મનમાં બહુ લાગી આવ્યું, પણ તે સમયે કાંઇ પણ બોલ્યો નહિ. તે શબ્દો જાણુ તેના કાને ન પડયા હોય એવી મુખમુદ્રા ધારણ કરી બીજા કામમાં રોકાયો. તે ક્ષત્રિઓની પરીક્ષા કરવાને અભયકુમાર રાત્રે દરેકને ઘેર ગયો અને આ પ્રમાણે બોલ્યો " હે ક્ષત્રીય ! આજે રાજાને ભારે રોગ થયો છે. વૈદ્યોએ ઘણા ઉપચાર કર્યાં છતાં પણ તે રોગ મટતો નથી. તેને વાસ્તે વૈદ્યો છેવટ એક જ ઉપાય દર્શાવે છે, અને તે એ છે કે જો મા-

ણુસના શરીરનું પાસેર માંસ મળે તો તે રાજા જીવી શકે, નહિતર તે મૃત્યુ પામશે. તમે આ રાજના ભાયાત છો, તમે રાજાનું અન્ન ખાઓ છો. તો તમે શું આટલું નાનું સરખું પણ રાજાનું કાર્ય નહિ કરો ? આ રાજ્યમાં પોતાનું માંસ આપવાને ઘણા મનુષ્યો તૈયાર છે, પણ રાજાના શરીરને વાસ્તે તો તમારા જેવા રાજવી પુરૂષોનું માંસ જોઇએ" પછી તે ક્ષત્રિયે કહ્યું"હે અભયકુમાર આ રાજ્યમાં મારા જેવા ઘણા ક્ષત્રીઓ છે, માટે ગમે તેની પાસેથી તે લેઇ લેજો. આ હજાર સોના મહોર લો, અને મને તે ભયમાંથી મુક્ત કરો." પછી અભયકુમાર બીજા ક્ષત્રિય પાસે ગયા. તેણે પણ તેવોજ પ્રત્યુત્તર આપ્યો, અને એક હજાર સોનામહોર આપી. આ રીતે આખી રાત ભમી અભયકુમારે એક લાખ સોનામહોર ગ્રહણ કરી. પ્રાતઃકાળે સભા દરોજની માફક ભરાતાં તે લક્ષ સોનામહોરોની કોથળીઓ લેવરાવી ભર સભાવચ્ચે અભયકુમારે તેનો ઢગલો કરાવરાવ્યો અને આ પ્રમાણે ઉદ્ગાર કાઢયા "હે ક્ષત્રિયો ! તમે કહેતા હતા કે આજકાલ માંસ સોંઘું છે, પણ તે તો આટલા બધા ધનથી પણ મળતું નથી" આ શબ્દો સાંભાળતાં સર્વે લજ્જાવંત થઇ ગયા, અને મૌન ધારી નીચું જોઇ રહ્યા. આ સમય ઉપદેશને યોગ્ય છે, એમ ધારી ફરીથી અભયકુમારે વાગ્બાણ નીચે પ્રમાણે છોડયાં—

"અરે અધમ વૃત્તિવાળા માંસ લોલુપ જીવો! પોતાનું માંસ સર્વ જીવને વ્હાલું છે, તમો માંસમાં લુબ્ધ થઇને નિરર્થક ઉચ્ચાર કરો છો કે માંસ પ્રાપ્ત કરવું સુગમ છે. વિષ્ટામાં રહેલા કીડાથી આરંભીને દેવલોકમાં રહેલા ઇંદ્ર સર્વને પોતાની જીંદગી પ્રિય લાગે છે; અને મરણનો ભય લાગે છે. જો તમે તમારૂં પાસેર માંસ આપવાને પણ તત્પર ન થયા તો પશુના જીવનનો નાશ કરતાં તમે કેમ લજ્જાતા નથી? તમે દેવો તરફથી દયાની આશા રાખો છો, પણ જે પશુઓને તમે દેવ સમાન છો તે પશુ તરફ દયા બતાવતા નથી, તો તમારાપર દેવોની કૃપા શી રીતે થશે! માટે માંસનો આજથી ત્યાગ કરો, અને પ્રાણી વર્ગ તરફ દયા બતાવવાનો પ્રારંભ કરો. તે નિરપરાધી અને અવાચક પ્રાણીની આશિષથી તમારૂં સુકૃત થશે. આ જગતમાં સુવર્ણધન આદિક આપનારા અનેક મળી આવશે, પણ અભયદાન આપનાર વિરલાજ જણાય છે. માટે માંસભક્ષણનો સર્વથા પરિહાર કરો" આ હૃદયથી બોલાયલા અભયકુમારના દયામય વચનની એટલી બધી અસર થઇ કે તે સર્વ ક્ષત્રિઓએ માંસભક્ષણનો ત્યાગ કર્યો. આપણે પણ આ વાર્તાપરથી એ સાર ગ્રહણ કરવાનો છે કે પોતાનાં જેવાજ બીજાને પ્રાણ વ્હાલા છે, એમ માની સર્વ જીવનું કલ્યાણ કરવું, પણ કોઇના પણ ભાવ કે દ્રવ્ય પ્રાણને દુભવવા નહિ.

# " કર્મોનો પૂર્વાપર સંબંધ. "

( લેખક. ભોગીલાલ મગનલાલ શાહ. મુ. ગોધાવી )

कृतकर्मक्षयोनास्ति कोटिकल्पशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥

કરેલાં કર્મોનો શત કરોડ કલ્પ સુધી પણ ક્ષય થતો નથી. સારૂં કે નરસું ફળ અવશ્ય ભોગવવું પડે છે.

We scatter seeds, with careless hands,
And dream we never, shall see them more;
But for a thousand year, their fruit appears,
In weeds that mar the land,
Or healthful store.
The deeds we do the words we say
Into still air they seem to fleet,
We count them ever past,
But they shall last
In the dread judgement,
They & we shall meet.

જેમ મનુષ્ય ( સારાં કે નરસાં ) બીજ બેદરકારીથી વાવે છે, અને એમ ધારે છે કે તે પુનઃ તેમને જોશે નહિ, પરંતુ હજારો વર્ષ પર્યંત નકામા ઘાસરૂપે વા તંદુરસ્ત ખોરાકરૂપે તેનાં ફળો મેળવે છે; તેમ જે શબ્દો તે ઉચ્ચારે છે, વા જે કાર્ય તે કરે છે તે તેને ખુલ્લી હવામાં અદૃશ્ય થતા ભાસે અને હમેશને માટે અદૃશ્ય થયેલા ધારે, છતાં તેઓ કાયમ રહે છે, અને ઇશ્વર ( કર્મના ) ભયંકર ઇનસાફમાં તેમનો અને તેનો મેળાપ થાય છે.

" મુઆ પછી ઇનસાફમાં, વંચાએ સૌ જેહ;
જેમ ઉધારો અહિં કર્યા, પુણ્ય પાપના તેહ.

વાવે તેવું લણે એ ઉક્તિ અનુસારે મનુષ્ય જેવું બી વાવે તેવું ફળ ભોગવે છે, જેમ આમ્રવૃક્ષ વાવનારને સ્વાદુ આમ્રફળ વર્ષોનાં વર્ષો સુધી મળે છે, તેમ લીમડાના વાવનારને કટુ લીંબોળીનો પાક વર્ષોનાં વર્ષો સુધી મળે છે. સારાં ફળોનાં સારાં બીજ રૂપી પરિવાર વડે સારાં બીજની પરંપરા ચાલે

છે, અને નરસાં ફળોનાં નરસાં બીજ રૂપી પરિવારવડે નરસી પરંપરા ચાલે છે. જેમ ઉજ્જડ જમીનમાં પડેલાં કંટક વૃક્ષનું એકાદ બી પોતાનો પરિવાર સર્વત્ર ફેલાવે છે, અને વર્ષોનાં વર્ષો સુધી તેની પરંપરા ચાલે છે તેમ સારાં નરસાં કૃત્ય વા વિચારની પરંપરા પણ તેવીજ ચાલે છે. વિચાર વા કૃત્યનો સારા નરસાનો ભેદ બહુ વિચારણીય અને મનનીય થઇ પડવાનું કારણ તેની સારી વા નરસી પરંપરાને અવલંબીને મુખ્યત્વે કરીને છે, જે કંઇ સારૂં વા નરસું કાર્ય મનુષ્ય કરે છે વા જે કંઇ સારો નરસો વિચાર સેવે છે તેને પોતાની સાથે કંઇ પણ સંબંધ નહોય તેમ તે માને છે; પરંતુ જેમ જમીનમાં નાંખેલું બી સૂર્યના પ્રકાશને જળની સહાયતા વડે નવપલ્લવ થાય છે; તેમ તે પણ અનુકુળ સંયોગો દ્વારા ખીલે છે. જેમ જમીનમાં પડેલું બીજ ધૂળમાં ઢંકાયાથી નાશ પામેલું જણાય છતાં વાસ્તવિક રીતે તેનો નાશ થયેલો હોતો નથી. તેમજ હવા સાથે ભળેલો વિચાર પણ અદસ્ય થતો નથી. તેનાં સારાં નરસાં ફળો ભોગવવાં પડે એ ઉપરાંત (જેમ બનતું આપણુને દૃષ્ટિગોચર થાય છે તેમ) તે પણ સારાં વા નરસાં (તદનુકૂળ વિચારની શ્રેણીરૂપ)ભવિષ્યના વારસો–પાછળ મુકે છે. કરેલા કર્મો પણ પોતાનું સુક્ષ્મરૂપ પાછળ રાખે છે, અને પુનઃ તેનો સંચિત ફળવિપાકોદય આપણુને અનુભવવાની ફરજ પાડે છે; છતાં તે વાત બાજુ પર મુકીએ તો પણ ઇરાદા પૂર્વક કરેલાં સારા વા નરસા કૃત્યની અસર હૃદય પર ઉંડી પડે છે; કારણુ કે કોઇ પણ કૃત્ય કરતાં પહેલાં વિચાર રૂપે તેનું વિચારરૂપ મનમાં રચાય છે; અને તેની તીવ્ર અને ઉત્કટ ઇચ્છા–સંકલ્પ થયે તે ક્રિયામાં મુકાય છે, કોઈપણ વિચાર ક્રિયામાં મુકાતાં પહેલાં મનમાં ખુબ ઘોળાય છે, અને તેની તીવ્ર લાગણી થયે જ તે ક્રિયામાં મુકાય છે. કાર્યનું સૂક્ષ્મ દેહ વિચાર દ્વારા ઘડાય છે. માટે કાર્ય રૂપે ક્રિયા વિચારના કરતાં મન ઉપર દીર્ઘ અસર ઉપજાવે છે. ક્રિયામાં ઇંદ્રિઓની સામેલગીરી હોય છે અને વિચાર તો ફક્ત મનજ રચે છે, ઇંદ્રિયદ્વારા ક્રિયા કરતાં મન ઇંદ્રિયના બાહ્ય વિષયને વિશેષ ટેવાતું થાય છે. તેનાપર બાહ્ય પદાર્થોની અસર વિશેષ થાય છે. બાહ્ય પદાર્થોનો મન સાથે સંબંધ કરાવનાર ઇંદ્રિયો છે. વળી બાહ્ય વસ્તુના ઇંદ્રિયદ્વારા સંવેદનથી મનમાં વિચાર થતાં અને મનદ્વારા ઉદ્ભવેલી ક્રિયાની આજ્ઞા ઇંદ્રિયદ્વારા કર્તવ્યમાં મુકાતાં ઇંદ્રિયોમાં પણ તથા પ્રકારનું વલણ રહે છે. આથી સ્વલ્પમાં સિદ્ધ થાય છે કે વિચાર કરતાં કાર્ય રૂપે ક્રિયા વિશેષ ઉત્કટ છે. તેથી વિચાર કરતાં કાર્ય રૂપે ક્રિયાની અસર બહુજ ઉંડી પડે છે.

આટલું છતાં આપણે ભુલવું ન જોઇએ કે પૂર્વોક્ત રીતે કાર્યરૂપે ક્રિયા એ વિચારના સ્થુલ કારણરૂપે છે. જો કે એવો સામાન્ય નિયમ થઇ શકે નહિ કે દરેક ક્રિયા એ વિચારનું જ પરિણામ હોય અર્થાત્ વિચારમાંથી ઉપજી હોય, પરંતુ એકંદરે જોતાં ઇરાદા પૂર્વક થતી એવી સર્વ ક્રિયામાં વિચારની સામેલગીરી હોય છે. આથીજ એમ કહેલું છે કે:—

**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो।** મન એજ બંધ અને મોક્ષનું કારણ છે. મન અર્થાત્ વિચારવડે જ સારા નરસાનો ભેદ સમજી શકાય છે; અને મનોનિગ્રહવડેજ ઇંદ્રિય નિગ્રહ સાધી શકાય છે. જોકે ઉભયને પરસ્પર નીકટનો સંબંધ છે, અને દેહદમનથી મનોનિગ્રહ સાધી શકાય છે, છતાં દેહદમનનો હેતુ સમજયાવગરનું દેહદમન કષ્ટરૂપ ગણાય છે. તેવા અજ્ઞાન મનુષ્યની ક્રિયા કલેશરૂપ ગણાય છે. સાધ્ય વસ્તુના હેતુ જ્ઞાન વિના જેમ તે સિદ્ધ થઇ શકતી નથી, તેમ મનોનિગ્રહના ઉદ્દેશ વિનાનું દેહદમન મનોનિગ્રહ સાધી શકતું નથી. મન ઇંદ્રિયરૂપી અશ્વને અંકુશમાં રાખવા માટે લગામરૂપ છે. જો તે શિથિલ હોય તો ઇંદ્રિયરૂપી અશ્વ સ્વતંત્ર રીતે વર્તે છે. અમુક અવિહિત રસ્તે જવાને મનનેજ જો ખાસ કંટાળો હોય તો ઇંદ્રિયની ગમે તેટલી પ્રબળ લાલચ તેને તે રસ્તે લઇ જઇ શકે નહિ. આથી સિદ્ધ થાય છે કે મનુષ્યની આત્મિક ઉન્નતિ વા અવનતિ તેના મનને અવલંબીને છે. જેમ સારૂં નરસું મનવડે સમજાય છે, તેમ સારૂં નરસું કોઈ પણ કાર્ય આચરવામાં પ્રબળ સાધન પણ મનજ છે.

મનનો સ્વભાવ એવો છે કે એક વાર ચિંતવેલું પુનઃ તેને સ્મરણમાં આવે છે. ભુતકાળનો એક વિચાર અનેક ભવિષ્યના વિચારનું સાધન થઇ પડે છે. દરેક મનુષ્ય જો વિચાર કરે તો તેને જણાય કે તેના વર્તમાનના સર્વ વિચારો તેના ભૂતકાળના વિચારનુંજ પરિણામ છે. કોઇ પણ મનુષ્યને માટે સારો કે નરસો વિચાર સરળ કરી આપી ભવિષ્યની સારી કે નરસી સંતતિ ઉભી કરી આપનાર ભુતકાળજ છે. ભૂતકાળમાં કરેલો વિચાર તેજ સમયે જો નિર્મૂળ કરવામાં ન આવ્યો હોય તો આપણી સમક્ષ અનેક પ્રસંગે રજુ થયાં કરે છે. અને મનપર પોતાનું સામ્રાજ્ય ભોગવે છે. મન તેની મોહજાળમાંથી બચી શકતું નથી. અમુક વિચારનું ચિંતવન પુનઃ પુનઃ થવાને લીધે મજબુત અસર મનપર થાય છે. એથી આખરે તેની પસંદગીની શક્તિ અને સંકલ્પ શક્તિ તદ્દન મંદ અને નિર્બળ થઇ રહે છે. અર્થાત્ તે ટેવાયલા અને દ્રઢ થએલા સંસ્કારોમાંજ તેઓ મનને પણ પ્રેરણા કર્યા કરે છે. સુખ દુઃખની લાગણી પણ તેને અન્ય માર્ગે વાળી શ-

કતી નથી. આપણે સાક્ષાત્ જોઇએ છીએ કે વ્યસની મનુષ્યો વ્યસનનું દુષ્ટ પરિણામ અનુભવવા છતાં તેનાથી મુક્ત થઇ શકતા નથી. તેવીજ રીતે વ્યભિચારી મનુષ્યો શરીરના વ્યાધિનો ભય સમજતાં છતાં પણ તેમાંથી મુકત થઇ શકતા નથી. વિષયી મનુષ્ય સમજે છે કે વિષયી વિચારોના મિથ્યા સેવનનું પરિણામ શરીરની ક્ષીણતા અને વ્યાધિ સિવાય અન્ય કંઈ આવતું નથી; છતાં તે દુઃખ સહન કરવાનું જોખમ ખેડીને પણ પોતાની દુષ્ટ વાસનામાંજ મચ્યો રહે છે. આથી સિદ્ધ થાય છે કે મુર્ખાઇથી સુખ માની પસંદ કરેલા માર્ગમાંથી પાછળથી ફેરફાર કરવો બહુ વિકટ અને દુઃસાધ્ય થઇ પડે છે. સારાં કે નરસાં જે સંસ્કારો મનપર પડે છે, તે અસરો દૂર કરવાને સુખ દુઃખની લાગણી પણ પુરતી વિજયી થઈ શકતી નથી; કારણ કે જો તેમ થતું હોય તો કેદીઓના મનપર પડેલા કુસંસ્કારોને કારાગ્રહ નિર્મુળ કરી શકત. પરંતુ તેમ થતું ક્વચિતજ દ્રષ્ટિગોચર થાય છે. First impressions last longest આરંભની અસર દીર્ઘ કાળ સુધી રહે છે:—

લઘુવૃક્ષ વાળ્યું વળે જેમ વાળો, તમે તેમ છોટાપણે ટેવ ટાળો;
કુડી કે રૂડી દુષ્ટની કે દયાળી, પડી ટેવ તે તો ટળે કેમ ટાળી. (દલપતરામ)

આટલું છતાં સુખ વા દુઃખની લાગણી એ મનના નિગ્રહનું સબળ સાધન છે. સુખ વા દુઃખ મનુષ્યને દૃષ્ટિગોચર થતું નહોત તો ભાગ્યેજ કોઇ મનુષ્ય સન્માર્ગે ચાલી સત્કર્મો આચરત. ધર્મને નીતિના નિયમો તોડવાથી પણ તેવીજ રીતે શિક્ષાને પાત્ર થવું પડે છે.

સદ્‌ગુણી મનુષ્ય તંદુરસ્ત અને ઇશ્વરને અભિમુખ રહી શકે છે. શારીરિક વ્યાધિ અને મનના ક્લેશમાંથી મુક્ત રહી આરોગ્ય અને સ્વસ્થતા અનુભવે છે. આ પ્રમાણે સુખ દુઃખની લાગણી મનનો નિગ્રહ કરવામાં સબળ સાધન છે. છતાં જો તેની અવગણના કરવામાં આવે તો મનપર તેનો અંકુશ ક્રમશઃ ન્યૂન થાય છે. ક્રિયા શક્તિને નિયમમાં રાખનાર અને પ્રેરક સુખ દુઃખની વિચાર શ્રેણિ છે. છતાં મનુષ્ય પ્રત્યક્ષ વા પરોક્ષ; વર્તમાન વા ભવિષ્યના સુખ દુઃખની પસંદગી સમયે જેવું વલણ ધારણ કરે છે, તે વલણપર તેના ભવિષ્યનો આધાર છે. આ પસંદગીમાંજ મહાપુરૂષો સિવાય સર્વ મનુષ્યની ભૂલ થતી દૃષ્ટિગોચર થાય છે. ક્ષણીક સુખથી મોહ પામી જેવી પસંદગી કરવામાં આવે છે, તેવું ફળ મનુષ્યને ભોગવવું પડે છે; એટલુંજ નહિ પણ તે પસંદ કરેલાં સુખની પરિસ્થિતિ અને સંયોગોમાંથી પણ મુક્ત થવું મુશ્કેલ થઇ પડે છે. તે તે સંયોગો અને પરિસ્થિતિ ભવિષ્યને માટે તેના

સાર નિર્ણિત થાય છે, અને પુરૂષાર્થ વિના તેમાંથી મુક્ત થવું બહુ કઠિન થઇ પડે છે. જેમ જેમ અમુક કાર્ય વા વિચાર વિશેષ વિશેષ આચરવામાં વા સેવવામાં આવે તેમ તેમ તેના સંસ્કારો દીર્ઘ થતા જાય છે; અને સમય જતાં એવા બળવાન થાય છે કે બળવાન પુરૂષાર્થ અને સુસંસ્કારો વિના તેમને નિર્મૂળ કરી શકાતા નથી. જેમ કોઇ ક્રિયા બળવાન હોય તેમ તેની પ્રતિક્રિયા માટે તેથી પણ વિશેષ બળ વાપરવાની આવશ્યક્તા રહે છે. પરંતુ નિર્બળ અને નિશ્ચય વિનાનું મન પ્રતિક્રિયા માટે વિશેષ અનુચિત બને છે. આથી કોઈ કાર્ય કરતાં અગાઉ પ્રારંભમાં વિચાર કરી કાર્યની પસંદગીની ખાસ આવશ્યકતા છે.

# શ્રી જૈનશ્વેતાંબર બોર્ડિંગનો દ્વિતીય વાર્ષિક મેળાવડો

આ બોર્ડિંગનો બીજો વાર્ષિક મેળાવડો ગયા માસની તારીખ ૮ મીએ કવીશ્વર ચુનીલાલ દલપતરામના પ્રમુખપણા નીચે મળ્યો હતો. પ્રથમ મંગળાચરણ થઇ રહ્યા પછી તેના સેક્રેટરી વકીલ મોહનલાલ ગોકળદાસે ૧૯૦૮ ની સાલનો રીપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. તે રીપોર્ટ પરથી માલૂમ પડે છે કે ગયા વર્ષમાં ૮૫ થી ૧૦૦ વિદ્યાર્થીઓએ આ બોર્ડિંગનો લાભ લીધો હતો. શેઠ લલુભાઇએ ઉદારતાથી આપેલી એક લાખની રકમ ઉપરાંત આ બોર્ડિંગ પાસે આશરે ૨૬૦૦૦ રૂપીઆની શીલક છે. તેનું કામ ચલાવવાને એક મેનેજીંગ કમીટી નીમવામા આવેલી છે, તેમાં ૧૪ સદ્‌ગૃહસ્થો સભાસદો છે. તેના ચેરમેન શેઠ લલુભાઇ રાયચંદ છે અને તેના સેક્રેટરી મી. મોહનલાલ ગોકલદાસ વકીલ છે. તેની દેખરેખ રાખવાને મી શંકરલાલ ડાહ્યાભાઇને સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે નીમવામાં આવેલા છે. જેઓ વિદ્યાર્થીઓને ધાર્મિકજ્ઞાન આપે છે તેમ વ્યવહારિક જ્ઞાનમાં પણ બનતી મદદ કરે છે. વિદ્યાર્થીઓને શાળાના અભ્યાસની ખાસ મદદ માટે માસ્તર જેઠાલાલ નાનાલાલને રૂ. ૧૦) ના પગારથી નિમવામાં આવ્યા છે જેઓ દરરોજ વિદ્યાર્થીઓને બે કલાક શાળાનું શિક્ષણ આપે છે. આ વર્ષમાં આઠ હજારનું ખર્ચ થયું છે. અને આવક પણ લગભગ તેટલીજ થયેલી છે. વિદ્યાર્થીઓની પરીક્ષાના પરિણામ ઉપરથી જણાય છે કે તેઓનો વિદ્યાભ્યાસ સંતોષકારક છે, અને

આ બોર્ડિંગના વિદ્યાર્થીમાંથી લગભગ ૭૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ પાસ થઇ ઉપલા ધોરણ ચઢયા છે. ધાર્મિક અભ્યાસ પણ બહુજ સારા પ્રકારનો ચાલે છે. આ બોર્ડિંગને અંગે એક લાયબ્રેરી છે, અને તે ઝવેરી ડાહ્યાભાઇ કપૂરચંદની દીકરી બ્હેન મણિએ પોતાના પતિ મર્હુમ સાક્ષર ડાહ્યાભાઇ ધોલસાના સ્મરણાર્થે સ્થાપન કરેલી છે, અને તેના નિભાવ અર્થે વાર્ષિક રૂ ૬૦) આપવા જણાવેલું છે. તે લાયબ્રેરીનો વિદ્યાર્થીઓ સારો ઉપયોગ કરતા જણાય છે. સંસ્કૃતના અભ્યાસની વૃદ્ધિ અર્થે મર્હુમ શેઠ વીરચંદ દીપચંદ તરફથી શાસ્ત્રી રવિદત્તને મોકલવાની ગોઠવણ કરવામાં આવેલી છે. કસરતને વાસ્તે મકાનની અવગડને લીધે જોઇએ તેવી કસરત કરવામાં આવતી નથી; તોપણ સાધારણ રીતે વિદ્યાર્થીઓ પ્રાતઃકાળમાં શરીરને કેળવવાને પ્રયત્ન કરે છે. રીપોર્ટ વંચાઇ રહ્યા પછી પ્રમુખે **परोपकाराय सतां विभूतयः** એ સૂત્ર ઉપર દાખલા દલીલોથી વિવેચન કરી લોકોને આ બોર્ડિંગને મદદ કરવા સૂચવ્યું હતું, તેમજ જેમના ઉપદેશથી આ બોર્ડિંગની સ્થાપના થઇ તે મુનિ મહારાજ બુદ્ધિસાગરજીનો ઉપકાર માનવાને જણાવ્યું હતું. તે પછી મી. મનસુખરામ અનોપચંદે નકામાં ખર્ચ દુર કરી ધન બચાવી આવા કાર્યમાં મદદ કરવાનો સરલ ભાષામાં સારો બોધ આપ્યો હતો. તે પછી હીરાચંદ કકલભાઇએ આ સંસ્થાના લાભાર્થે નીકળનાર "બુદ્ધિપ્રભા" માસિકના ગ્રાહક થઇને આ કાર્યમાં યથાશક્તિ સહાય આપવાનું કહ્યું હતું. જ્ઞાન સાથે પરોપકાર થાય એવા કામમાં દરેક જણેએ મદદ કરવી જોઇએ, અને ૧) રૂપીયા જેવી રકમ કોઇને પણ ભારે પડશે નહિ, અને ઘણા જનોની મદદથી બોર્ડિંગને એક સારી સંખ્યા મળશે એપર ભાર દઇને કહ્યું હતું. તે પછી મી. મણીલાલ નથુભાઈ દોસીએ અન્નદાન વિદ્યાદાન અને ધાર્મિકદાન જયાં ત્રણ પ્રકારનાં દાન અપાય છે, એવી ઉત્તમ સંસ્થાને સહાય કરવા સૂચવ્યું હતું, અને લગ્ન પ્રસંગે તેમજ બીજા ભારે ખર્ચ પ્રસંગે આ સંસ્થાને વિસારી નહિ મુકતાં તેને અમુક રકમ આપવાનું જણાવ્યું હતું. તે પછી મી. મોહનલાલ મગનભાઈએ આ બોર્ડિંગની મેનેજીંગ કમીટીના મેમ્બરને આ છેલ્લી સૂચના બરાબર રીતે અમલમાં મુકવાને બહુજ આગ્રહ પૂર્વક કહ્યું હતું, અને જો મેનેજીંગકમીટીનો કોઇ સભાસદ આ કામ હાથ ધરે અને સારા પ્રસંગે દરેકને ત્યાં ફંડમાં ભરાવા નિમિતે જાય, તો આ સંસ્થાને સારી રકમ મળ્યા વિના રહે જ નહિ. તે પછી પ્રમુખનો ઉપકાર માની મેળાવડો વિર્સજન થયો હતો.

# श्री अध्यात्मज्ञानप्रसारकमंडल.

## ( સ્થાપન જ્ઞાનપંચમી. વીર સંવત ૨૪૩૫ )

આ મંડળે–" **શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા,**" પ્રગટ કરવાનું શરૂ કર્યું છે. જેના અંગે નીચે જણાવેલાં પુસ્તકો પ્રગટ થઇ ચૂક્યાં છે અને જનસમાજમાં તે પ્રસંશનીય થઇ પડયાં છે અને તેની વાંચકોની પોતાને જ ખાત્રી થતી હોવાથી વિશેષ ભલામણની જરૂર રહેતી નથી. મુનિરાજ **શ્રી બુદ્ધિસાગરજીની** લેખન, અને કાવ્ય શૈલી જૈનોનેજ નહીં પણ કોઇ પણ ધર્મવાલાઓને પ્રિય થઇ પડી છે અને તે શૈલી જનસમાજને હિતકારક હોવાથી મંડળે કોઇ પણ પ્રકારના લોભ વિના તદ્દન પડતર કીંમતે તેઓ શ્રી રચિત પુસ્તકો પ્રગટ કરવા વાંચનનો લાભ જન સમુહ વધારે લે તેમ કરવાને શરૂવાત કરી છે. ગ્રન્થોને પ્રગટ થવામાં ઉદાર ગ્રહસ્થોએ મદદ પણ આપી છે. પુસ્તકોમાં તેઓના નામની નોંધ લેવાઈ છે તે ઉપરથી જાણી શકાશે. જેઓને પ્રગટ થઈ ચુકેલા અને નવીન રચાતા ગ્રન્થો પૈકી–કોઇ પણ ગ્રન્થ પ્રગટ કરાવવા તથા કંઇ પણ મદદ આપવા ઇચ્છા થાય તેઓએ નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો. પુસ્તકો ખરીદ કરનારાઓને સવડઃ પડે તે માટે નીચલાં સ્થલોએ પુસ્તકો વેચવાની ગોઠવણ કરી છે.

વી૦ પી૦ થી મંગાવનારાઓ માટે નીચલા પૈકી પ્રથમના ચાર સ્થલો અનુકુળ છે.

## મંડલ તરફથી વેચાતાં પુસ્તકો.

| | કી૦ | પોસ્ટેજ |
|---|---|---|
| **भजनपद संग्रह भागः १ लो.** ડેમી ૮ પેજી પૃષ્ટ ૨૦૦ | ૦–૮–૦ | ૦–૧–૬ |
| ૧ અધ્યાત્મ જ્ઞાન વ્યાખ્યાન માળા તથા સાંવત્સરીક ક્ષમાપના રોયલ ૧૨ પેજી પૃષ્ટ ૨૦૦ | ૦–૪–૦ | ૦–૧–૦ |
| **भजनपद संग्रह भागः २ जो** ડેમી ૮ પેજી પૃષ્ટ ૩૨૫ | ૦–૮–૦ | ૦–૨–૦ |
| **भजनपद संग्रह भागः ३ जो** ડેમી ૮ પેજી પૃષ્ટ ૩૨૫ | ૦–૮–૦ | ૦–૨–૦ |
| સમાધિશતક રોયલ ૧૬ પેજી પૃષ્ટ ૩૩૨ | ૦–૮–૦ | ૦–૨–૦ |
| અનુભવ પચ્ચીસી તથા આત્મપ્રદીપ. રોયલ ૧૬ પેજી પૃષ્ટ | ૦–૮–૦ | ૦–૨–૦ |

## મળવાનાં સ્થલો.

૧. મુંબાઇ, પાયધોણી નં. ૫૬૬ માંગરોળ જૈનશાળામાં.
૨. ભાવનગર શ્રી " આત્માનંદ જૈનસભા, "
૩ અમદાવાદ " બુદ્ધિપ્રભા ઑફીસ " ઠે. નાગોરીસરા.
૪ ,, પાંચકુવા. સત્યવિજય પ્રેસમાંથી.
૫ પાદરા ( વડોદરા ) વકીલ મોહનલાલ હેમચંદ.
૬ પુના શેઠ વીરચંદ કૃષ્ણાજી, ઠે વેતાલપેંઠ.
૭ ભોયણી બુકસેલરો પાસેથી
૮ વીજાપુર ઠે. બઝારમાં, સનાલાલ મોતીલાલ નથુભાઇ.
૯ સાણંદ સા મણીલાલ વાડીલાલ.
૧૦ સુરત ઠે. જ્ઞાનપ્રસારક લાઇબ્રેરી.

---

# ગુરૂદર્શન

યાને

# સપ્તસુવર્ણમય કુંચીઓ.

**લેખક:**-દોશી મણિલાલ નથુભાઇ. બી. એ.

આ પુસ્તકમાં નીતિ અને તત્ત્વજ્ઞાનને શો સંબંધ છે, તે બતાવવામાં આવેલું છે, અને દાન, શીલ, ક્ષમા, વૈરાગ્ય, વીર્ય, ધ્યાન અને જ્ઞાન; એ સાત સદ્‌ગુણોપર દૃષ્ટાન્ત સાથે આર્ય પ્રજાને માન્ય સિદ્ધાંતો પ્રમાણે વિવેચન કરવામાં આવેલું છે, તે ઉપર વિદ્વાનો તરફથી સારા અભિપ્રાયો મળેલા છે. ટુંક મુદતમાં બે હજાર નકલો ખપી ગયેલી છે.

કીંમત ૦—૬—૬ ( પોસ્ટેજ સાથે ).

તા. ક. આ માસિકના ગ્રાહકોને પોસ્ટેજ સાથે ૦—૪—૬ એ મળી શકશે.

મળવાનું ઠેકાણું.

" બુદ્ધિપ્રભા " ઓફીસ, અમદાવાદ.